
જૈન નિત્ય શિક્ષણ

ચોથી

સામાયક પ્રતિક્ર-
મણુ ભક્તામર
છંદ સઝાયો.



કિમ્મત સદુપયોગ.

ૐ

નમો મહાવીરાય

જૈન નિત્ય શિક્ષણ પોથી.

(અર્થયુક્ત સામાયક અને પ્રતિક્રમણ મૂલ ભક્તામર
અર્થસહિત તથા સઝાયો.)

લીંબડી—સંપ્રદાયના મહારાજ શ્રી ગુલાબચંદ્રજી સ્વામી તથા
મહારાજ શ્રી વીરજી સ્વામી તથા શતાવધાની પંડિત મુનિશ્રી
રત્નચંદજી સ્વામી તથા રૂપચંદજી સ્વામીની સહાયથી.

લખનાર તથા છપાવનાર,
શાહ દેવશી રાઘવજી.
કોઠારી પ્રેમચંદ રવજી.

વિ. સં. ૧૯૭૨. વીર ૨૪૪૨

આવૃત્તિ ૧ લી પ્રત ૧૦૦૦

કીંમત સદુપયોગ.

મળવાનું ઠેકાણું—

શા. રવજી પાસુની કું૦

ગીરગામ બેક રોડ,

શાહીવાલાનો માળો

મુંબઈ.

આ પુસ્તક મુંબઇ નં. ૯૩, ચીચપોકલી પરેલ રોડ પર લેડી નૉર્થકોટ હિંદુ ઑર્ફનેજ ક્રે એન સેવર પ્રેસમાં, **ઘોંડીબા નારાયણ બનારસે** છાપ્યું છે અને **શાહ દેવશી રાઘવજીએ** શાહીવાળા માળામાં ગીરગામ બેકરોડ મુંબઇ નં ૪ માં પ્રસિદ્ધ કર્યું છે.

પ્રસ્તાવના.

માનસિક શુદ્ધિ અને આત્મિક ઉન્નત્તિ કરવાને ધર્મ ક્રિયાઓની યોજના કરવામાં આવી છે. જૈન ધર્મમાં તે ક્રિયાઓ પૈકી મુખ્ય-ક્રિયા સામાયકની છે. સામાયકરૂપ અનુષ્ઠાન આત્માને સમભાવમાં સ્થિર કરેછે, વિષમ ભાવને વેગળો રાખેછે સામાયકનો હેતુ અથવા ઉદ્દેશ પણ એજ છે પણ તે ત્યારે સિદ્ધ થઇ શકે કે જ્યારે સામાયક-નું રહસ્ય બરાબર સમજી શકાય. એટલુંજ નહિ પણ સામાયકના પાઠોના ઉચ્ચાર બરાબર શુદ્ધ ન થાય તો જ્ઞાનનો અતિચાર લાગવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય, એટલા માટે જેટલી જરૂર ઉચ્ચાર શુદ્ધિની છે તેટલીજ જરૂર અર્થ શુદ્ધિની પણ છે કેટલીએક જૈન શાળામાં ઉચ્ચાર શુદ્ધિ અને અર્થ વિજ્ઞાન તરફ લક્ષ આપી છોકરાઓને શિખવવાનો પ્રયત્ન કરવામાં આવેછે. પણ તેમાં ન્હાની ઉમરના છોકરાઓ (કે જેને ધાર્મિક જ્ઞાન તરફ કાળજી અને સમ-જણ બહુ ઓછી હોય છે) તે શીવાય બીજાઓને તેથી લાભ મળતો નથી. મ્હોટા માણસો જૈનશાળામાં જતા હોતા નથી, તેથી ઘણે ભાગે તેમના સામાયક વગેરેના ઉચ્ચારો અશુદ્ધ રહી જાયછે, અને સમજણ હોતી નથી તેથી સામાયકનો હેતુ પાર પડી શકતો નથી. આવું કામ ધર્મ ગુરૂઓ પોતાના ઉપર લ્યે તો ઘણો ફાયદો થઇ શકે એમ આ વર્ષના અનુભવ ઉપરથી અમે કહી શકીએ છીએ. ચાલુ વર્ષે મુંબઇ શહેરમાં લીંબડી સંપ્રદાયના વિદ્વાન મહારાજ શ્રી ગુલાબચંદજી સ્વામી તથા મહારાજશ્રી વીરજી સ્વામી તથા પંડિત મહારાજ શ્રી

રતનચંદ્રજી સ્વામી તથા મહારાજ શ્રી રૂપચંદ્રજી સ્વામી ઠા. ૪ કાંદાવાડી દશાશ્રીમાલી નાતની વાડીમાં ચોમાસુ પધાર્યા તેથી મુંબઈના સંઘમાં હર્ષનો પાર રહ્યો નથી. ન્હાના મ્હોટા દરેક જણનાં મનમાં ધર્મસ્થાનમાં આવવાનો અને વ્યાખ્યાન સાંભળવાનો એટલો ઉત્સાહ જણાય છે. કે સવારના પહોરમાં બાઇઓ ભાઈઓથી હોલ ચીકાર ભરાઇ જાય છે. દરરોજપર્વણી તીથિ જેવો દેખાવ જણાય છે શતાવધાની પંડિત મહારાજ શ્રી રનનચંદ્રજી સ્વામીયે ન્હાના મ્હોટા દરેકને ધાર્મિક શિક્ષણનો લાભ મળે તેટલા માટે પોતાની જાતે રાત્રિના એક કલાક ધાર્મિક શિક્ષણ આપવાનું શરૂ કર્યું તેમાં અમો સૌ લગભગ ૭૫ થી ૧૦૦ જણ દાખલ થયા. અમોને સામાયકના પાઠના શુદ્ધ ઉચ્ચાર તેનો અર્થ અને રહસ્ય શિખવવામાં આવતુ. સાથે ભકતામર વગેરે ચાલતું ત્યારપછી રાત્રે ન પહોંચી શકે તેવાઓને પણ તે લાભ આપવાને માટે મહારાજશ્રીયે અઠ-વાડીયામાં બે દિવસ બુધવાર અને શનિવારને દિવસે વ્યાખ્યાનને બદલે સામાયક વિગેરેનું શિક્ષણ આપવાનું જાહેર કર્યું દરેક જણને આ યોજના બહુ પસંદ પડી. અને શ્રોતાગણ રૂચિ—પ્રેમ ભાવથી આ શિક્ષણ લેવાને ઉદ્યત થયો. આથી ઘણાના સામાયક શુદ્ધ થવા માંડયા છે અને અર્થની પણ સમજણ પડવા લાગી છે. આ શિક્ષણની અનુકુળતા માટે એક ચોપડીની અમને જરૂર જણાઇ જો કે સામાયકની એક શુદ્ધ ચોપડી બ્હાર પાડી અહિંના સંઘ તરફથી પ્રભાવના રૂપે વેચવામાં આવી છે પણ તેમાં અર્થ નથી. તેમજ સામાયકનો વખત ગાળવાને માટે જરૂર પડતા સ્તોત્રાદિક પણ તેમાં નથી. તેથી શુદ્ધ સામાયક તેનો અર્થ ભકતામર કિંકર્પૂ-રમયંનુ સ્તોત્ર એક તપસ્વીજી અને આર્યાજીના જીવન ચરિત્રાવલી.

સઝાયોનો જેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેવી એક ચોપડી બ્હાર પાડવાનો વિચાર કર્યો જો કે સામાયક ભકતામર વગેરે ચોપડીઓ ઘણે ઠેકાણે બ્હાર પડેલી છે. પણ કોઇમાં અર્થ નથી તો કોઈમા તે શાસ્ત્રી અક્ષરમાં હોવાથી ગુજરાતી વાચકોને વાંચવામાં અગવડ પડે છે. તેથી ગુજરાતી લિપિમાં અર્થ સાથે ભકતામર સ્તોત્ર વગેરે બ્હાર પાડવાની જરૂરીઆત અમોને જણાઇ. બીજી પ્રભાવના કરતા પુસ્તકોની પ્રભાવના વધારે લાભપ્રદ છે એમ જાણી આ ચોપડી પ્રભાવના તરીકે વ્હેંચવાનો અમો એ ઈરાદો રાખ્યો છે.

આ ચોપડીમાં ભકતામર શિખનારાઓને તે તે પદના તે તે અર્થની બરાબર સમજણ પડે એટલા માટે એકેક પદની સામે તે તે પદનો અર્થ લખવામાં આવ્યો છે તેમાં પણ સમાસના વિગ્રહ અને વિભકિતને અનુસારે અર્થ યોજવામાં આવ્યો છે. આથી સમજવાની ઇચ્છા રાખનારાઓને અર્થ સમજવામાં ઘણી સરલતા થશે. એમ અમારી માન્યતા છે.

આ પ્રસંગે વાંચકવર્ગને એટલી નમ્ર વિનતી કરીશું કે આ લઘુ પણ કિમ્મતી પુસ્તકને જ્યા ત્યાં ન રખડાવતા જ્ઞાનની આશાતના ન લગાડતાં યત્નપૂર્વક સંભાળવું અને તમાંથી જ્ઞાનનો ઉપયોગ લેવો.

આ પુસ્તક લખવામાં મહારાજ શ્રી ગુલાબચંદ્રજી સ્વામી આદિ ઠાણા ચારે દરેક રીતે અમને પુરતી મદદ કરી છે. સ્તોત્ર વગેરેનું સંશોધન કરી આપ્યું છે તેમજ સુચના સલાહ આપી છે તે ખાતર તેમનો જેટલો આભાર માનીયે તેટલો થોડો છે.

અમે પ્રાર્થના કરીએ છીએ કે મુંબઇ શહેરને આવો ને આવો લાભ દરવર્ષે મલે કે જેથી જ્ઞાન ધ્યાનની વૃદ્ધિ થયા સાથે સમાજ અને ધર્મનો અભ્યુદય થાય. કિં બહુના.

લી. સંઘનાં

શેવકો

ગીરગામ બૅકરોડ, મુંબઇ.

શાહ દેવશી રાઘવજી
કોઠારી પ્રેમચંદ રવજી.

મંગળાચરણ.

અર્હન્તો ભગવંત ઇન્દ્રમહિતા· સિદ્ધાશ્ચ સિદ્ધિ સ્થિતાઃ .
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ ।।
શ્રીસિદ્ધાન્ત સુપાઠકા મુનિવરા રત્નત્રયારાધકાઃ ।
પંચૈતે પરમેષ્ટિનઃ પ્રતિદિનં કુર્વન્તુ નો મંગલમ્ ।।

શતાવધાની પંડિતશ્રી રતનચંદ્રજીકૃત
મહાવીર પ્રભુની સ્તુતિ.

રાગમાઢ—ગુણવંતી ગુજરાત એ લય.

જયવંતા પ્રભુવીર, હમારા જયવંતા પ્રભુવીર;
શાસન નાયક ધીર, હમારા જયવંતા પ્રભુવીર. એ ટેક
શાસ્ત્ર સરોવર સરસ આપનું, તત્ત્વ રસે ભરપુર;
તેમાં ન્હાતાં તરતાં નિત્યે, શુદ્ધ થાય અમ ઉર. હમારા. ૧
સાત્ત્વિક ભાવે જેહ પ્રકાશ્યું, વાસ્તવિક તત્ત્વ સ્વરૂપ;
આસ્તિકતામાં રમિયે તેથી, આનંદ થાય અનૂપ. હમારા. ૨
આપ પ્રકાશિત જ્ઞાન બગીચે, ખીલ્યાં છે બહુ ફૂલ;
સુગંધિવાયુની સરસ લ્હેરથી, અમે છઇએ મશગૂલ. હમારા. ૩

આપ વિશાલ વિચાર ભૂમિયે ઉછર્યાં કલ્પ અંકુર ;
રસ ભર તેનાં ફલ ચાખીને, રહેશું આપ હજુર. હમારા. ૪
નામ આપનું નિશદિન પ્યારૂં, રમી રહ્યું અમ ઉર ;
તેની ખાતર પ્રાણ અર્પવા, અમે છીયે મંજુર. હમારા. ૫
માર્ગ બતાવા અમ ઉપર જે, કર્યો મહા ઉપકાર ;
અર્પણ કરિએ સર્વ તથાપિ, થાય ન પ્રત્યુપકાર. હમારા. ૬
ચરણ આપના શરણ હમારે, મરણ જન્મ ભય દૂર ;
લોભી ચાતક રત્નચંદ્ર જ્યમ, તમ દર્શન આતૂર. હમારા. ૭

સામાયક.

પાઠ ૧ લો નવકાર (નમસ્કાર)

નમો અરિહંતાણં—નમસ્કાર હોજો અરિહંત દેવને.
નમો સિદ્ધાણં—નમસ્કાર હોજો સિદ્ધ ભગવાનને.
નમો આયરિયાણં—નમસ્કાર હોજો આચાર્યજીને.
નમો ઉવજઝાયાણં—નમસ્કાર હોજો ઉપાધ્યાયને.
નમો લોએ સવ્વસાહૂણં—નમસ્કાર હોજો લોકને વિષે સર્વ સાધુ સાધ્વીને.

પાઠ ૨ જો ગુરુવંદનાનો.

તિખ્ખુ-તો—ત્રણવાર.

આયાહિણ—દક્ષિણથી એટલે જમણી તરફથી આરંભીને ફરીથી જમણી તરફ સુધી.

પયાહિણં—પ્રદક્ષિણા કરીને.

વંદામિ—સ્તુતિ અથવા સ્તવના કરૂં છું.

નમંસ્સામિ—(પંચ અંગ નમાવીને) નમસ્કાર કરૂં છું.

સક્કારેમિ—સત્કાર કરૂં છું.

સમ્માણેમિ—સન્માન દઉં છું.

કલ્લાણં—હે સ્વામિ! આપ કલ્યાણ સ્વરૂપ છો.

મંગલં—આપ મંગલ સ્વરૂપ છો.

દેવયં—આપ ધર્મ દેવ સ્વરૂપ છો.

ચેઇયં—આપ જ્ઞાન સ્વરૂપ છો.

પજ્જુવાસ્સામિ—(મન વચન કાયાએ) હે ગુરૂ! આપની સેવા કરૂં છું.

પાઠ ૩ જો ઇરિયાવહિયાનો.

(આવતા જતાં લાગેલા પાપથી નિર્વતવાનો).

ઇચ્છામિ—ઇચ્છું છું.

પડિક્કમિઉં—પ્રતિક્રમવાને (પાપથી પાછા ફરવાને) નિવર્તવાને.

ઇરિયા—રસ્તામાં.

વહિયાએ—ચાલતી વખતે.
વિરાહણાએ—કોઇ પણ જીવની વિરાધના થઇ હોય.
ગમણાગમણે—જતાં આવતાં.
પાણક્કમણે—પ્રાણી (જીવ) ને કચર્યા હોય.
બીયક્કમણે—બીજ કચર્યાં હોય.
હરિયક્કમણે—લીલી વનસ્પતિને કચરી હોય.
ઉસા—ઝાકળ ઠાર.
ઉત્તિંગ—કીડીયારાં વિગેરે જીવનાં દર.
પણગ—પંચવર્ણી લીલફુલ.
દગ—સચેત પાણી.
મટ્ટિ—સચેત મૃતિકા (માટી)
મક્કડા—કરોળીયાના પડ.
સંતાણા—કરોળીયાની જાળ.
સંક્કમણે—એ સર્વનું સંક્રમણ (કચરવું) કર્યું હોય.
જે મે જીવા—એ તથા બીજા જે કોઇ જીવો તેની મેં.
વિરાહિયા—વિરાધના કરી હોય, દુઃખ દીધું હોય.
એગિંદિયા—એક ઇંદ્રિયવાળા જીવ, પૃથ્વી, પ્રાણી, અગ્નિ, વાયુ વનસ્પતિ એ પાંચ.
બેઇંદિયા—બે ઇંદ્રિયવાળા જીવ, પોરા, કરમીયા, શંખ, છીપ જળો, અળસીયાં વિગેરે.
તેઇંદિયા—ત્રણ ઇંદ્રિયવાળા જીવ કીડી, મંકોડા, ગધૈયા, કુંથવા, માંકડ, જૂ વિગેરે.
ચઉરિંદિયા—ચાર ઇંદ્રિયવાળા જીવ, માખી, મસલાં, મચ્છર, ડાંસ, વીંછી, ભમરા વિગેરે.

પંચિંદિયા—પાંચ ઇંદ્રિયવાળા જીવ જળચર, સ્થળચર, ઉરપર, ભુજપર, ખેચર, તથા મનુષ્ય, દેવ, નારકી વિગેરે.

૧. અભિહયા—ઉપર (ગણાવેલા જીવોમાં સર્વે જીવોનો સમાવેશ થાય છે) તેમને સામાં આવતાં હણ્યા હોય.

૨. વતિયા—ધુળે કરી ઢાંકયા હોય.

૩. લેસ્સિયા—જમીન સાથે ઘસ્યા કે મસલ્યા હોય.

૪. સંઘાઇયા—એક બીજાનાં શરીરને મેળવી વ્યાધિ કરાવેલ હોય.

૫. સંઘટ્ટિયા—સઘટ્ટના—સ્પર્શના કરી ખેદ પમાડયો હોય.

૬. પરિયાવિયા—પરિતાપ, દુઃખ ઉપજાવ્યું હોય.

૭. કિલામિયા—કિલામણા—ગ્લાની ઉત્પન્ન કરી હોય.

૮. ઉદ્દવિયા—ઉપદ્રવ, ત્રાસ, ધ્રાશકો પમાડયો હોય.

૯. ઠાણાઓઠાણં—એક સ્થાનેથી બીજે સ્થાને.
સંક્રામિયા—સંક્રમણ (લઇ જવું) કર્યું હોય.

૧૦. જીવિયાઓ—જીવિતથી.
વવરોવિયા—જુદા કર્યા—મારી નાખ્યા હોય.
તસ્સ મિચ્છા મિ દુક્કડં-(ઉપર પ્રમાણે કાંઇ પણ થયું હોય) તેનું તે સંબંધિ દુષ્કૃત પાપ લાગ્યું હોય તે મિથ્યા થાઓ

પાઠ ૪ થો તસ્સઉત્તરીનો.

(કાઉસગ્ગના આગાર બતાવવાનો)

તસ્સ—તેની (ઇરિયાવાહિયાના પાઠથી આલોવતાં છતાં રહી ગયેલ પાપવાળા આત્માની).

તસ્સઉત્તરીકરણેણં—વિશેષ શુદ્ધિ કરવાને.

પાયચ્છિત્તકરણેણં—લાગેલાં પાપનું છેદન કરવાને.

વિસોહિકરણેણં—આત્માને (વિશુદ્ધ) વધારે નિર્મળ કરવાને.

વિસલ્લીકરણેણં—ત્રણ શલ્ય (કપટ, નિયાણું, મિથ્યાત્વ એ ત્રણ) થી રહિત કરવાને.

પાવાણંકમ્માણં—અઢારે પ્રકારનાં પાપથી ઉત્પન્ન થએલા આઠ કર્મો, તેને.

નિગ્ઘાયણઠ્ઠાએ નિર્ઘાતન એટલે ઉચ્છેદ—નાશ કરવાને અર્થે.

ઠામિ કાઉસ્સગ્ગં—સ્થિત થાઉં છું (કાયોત્સર્ગ—શરીરના વ્યાપારનો ત્યાગ) કાઉસગ્ગ પ્રત્યે.

અન્નથ—અન્યત્ર, બીજું લક્ષમાં રાખવાનું એ છે કે હવે ઉચ્છાસાદિ આગારો કહેવાશે. તે વર્જીને કાયાના વ્યાપારનો ત્યાગ કરવાનો છે તે આગારો કહે છે.

ઉસસિએણં—ઉંચો શ્વાસ લેવા વડે—૧.

નિસસિએણં—નીચો શ્વાસ મુકવા વડે-૨.

ખાસિએણં—ખાંસી, ઉધરસ આવ્યા વડે-૩.

છીએણં—છીંક આવવા વડે-૫.

જંભાઇએણં—બગાસું આવવા વડે-૫.

ઉડ્ડુએણં—ઓડકાર આવવા વડે-૬.

વાયનિસગ્ગેણં—વાયુ અધો દ્વારે જવા વડે-૭.

ભમલિએ—ભમરી, ચકકર, ફેર આવ્યા વડે-૮.

પિત્તમુચ્છાએ—પિત્તનો પ્રકોપે તથા મૂર્છા વડે-૯ ૧૦.

સુહુમેહિં અંગસંચાલેહિં—સૂક્ષ્મ અંગના ચાલવા વડે. ૧૧.

સુહુમેહિં ખેલસંચાલેહિં—સૂક્ષ્મ શ્લેષ્મ-કફ-ગળવાથી થતા સંચાર વડે-૧૨.

સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં—સૂક્ષ્મ દ્રષ્ટિના ચાલવા વડે-૧૩.

એવમાઇએહિં આગારેહિં—(જે તેર આગાર ઉપર જણાવ્યા) એ આદિ દઇને એટલે ચોર અથવા રાજા કે અગ્નિ કે હિંસક પ્રાણીના ભયથી કાઉસગ્ગ છુટી જાય તો તેવા પ્રકારના અકસ્માત્‌ના આગારે કરીને.

અભગ્ગો-(કરેલ કાઉસગ્ગ) અભગ્ન—ભાગે નહિ.

અવિરાહિઓ-અવિરાધિતહાનિ પહોંચે નહિ (એ પ્રકારે)

હુજ્જમે કાઉસગ્ગો—મારો કાયોત્સર્ગ હોજો (કયાં સુધી ?)

જાવ—જયાં સુધી.

અરિહંતાણં ભગવંતાણં—અરિહંત ભગવાનને.

નમોક્કારેણં—નમસ્કાર વડે.

નપારેમિ-પારૂં નહિ એટલે કાયોત્સર્ગના પારને ન પામુ સમાપ્ત ન કરૂં.

તાવ—ત્યાં સુધી.

કાયં—શરીરને.

ઠાણેણં--એકજ સ્થાનકે સ્થિર રાખીને.

મોણેણં—મૌન રહીને.

ઝાણેણં—ધર્મધ્યાને કરીને (મનને એકાગ્ર કરીને)

અપ્પાણં વોસિરામિ—સાવદ્ય વ્યાપાર થકી આત્માને (કાયાને) દૂર કરૂં છું.

પાઠ ૫ મો. લોગસ્સનો. (જિન સ્તુતિનો)

લોગસ્સ ઉજ્જોયગરે, ધમ્મતિત્થયરે જિણે;
અરિહંતે કિત્તઇસ્સં, ચઉવિસંપિ કેવલી. ૧
ઉસભમાજયં ચ વંદે, સંભવમભિનંદણું ચ સુમઈં ચ;
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપહં વંદે. ૨
સુવિહિં ચ પુપ્ફદંતં, શીયલસિજજંસવાસુપુજજં ચ;
વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ. ૩
કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ;
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. ૪
એવં મએ અભિથુયા, વિહુયરયમલા પહીણજરમરણા;
ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. ૫
કિત્તિયવંદિયમહિયા, જે એ લોગસ્સ ઉત્તમાસિદ્ધા;
આરૂગ્ગ બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ. ૬
ચંદેસુનિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા;
સાગરવરગંભીરા, સિદ્ધાસિદ્ધિં મમ દીસંતુ ૭

લોગસ્મ—લોકના (સ્વર્ગ, મૃત્યુ, પાતાલ ત્રણ લોકને વિષે)
ઉજ્જોયગરે—ઉદ્યોત પ્રકાશના કરનારા (કેવળ જ્ઞાનરૂપ પ્રદીપથી)
ધમ્મતિત્થયરે—જેનાથી તરાય છે એવા ધર્મરૂપ તીર્થના કરનારા.
જિણે—રાગદ્વેષને જીતનારા એવા જીનોને.
અરિહંતે—કર્મરૂપ શત્રુને હણનારા અરિહંતોને.
કિત્તઇસ્સં—કીર્તન—પ્રશંશા—સ્તુતિ કરીશ.

ચઉવિસંપિ—ચોવીશ તીર્થંકરો તથા તે સિવાય બીજા પણ.
કેવલી—કેવળ જ્ઞાનીઓને.
ઉસભ—શ્રી રૂષભદેવને ૧.
મજિયં ચવંદે—અને શ્રી અજીતનાથને વાંદુંછું ૨.
સંભવ—શ્રી સંભવનાથને ૩.
મભિનંદણં ચ—અને શ્રી અભિનંદન સ્વામિને, ૪.
સુમઇં ચ—વળી સુમતિનાથને, ૫.
પઉમ્મપહું—પદ્મપ્રભને, ૬.
સુપાસં—સુપાર્શ્વનાથને, ૭.
જિણં ચ ચંદપહં વંદે—વળી જીન એવા, ચંદપ્રભુને વાંદુછું ૮.
સુવિહિં ચ પુપ્ફદંતં—વળી સુવિધિ પ્રભુનું બીજું નામ પુષ્પદંત પ્રભુ પણ છે તેમને ૯.
સિયલ—શ્રી શીતળનાથને, ૧૦.
સિજજંસ—શ્રી શ્રેયાંશનાથને, ૧૧.
વાસુપુજજંચ—અને શ્રી વાસુપૂજયને ૧૨.
વિમલ—શ્રી વિમળનાથને, ૧૩.
મણંત ચ જિણં—શ્રી અનંતનાથજીને વળી ૧૪.
ધમ્મં—ધર્મ નાથને, ૧૫.
સંતિં ચ વંદામિ—વળી શાતિનાથને વાંદુ છું ૧૬.
કુંથું—શ્રી કુંથુનાથને, ૧૭.
અરં ચ—શ્રી અરનાથને વળી ૧૮.
મલ્લિં—શ્રી મલ્લિનાથને ૧૯.
વંદે મુણિસુવ્વય—વાંદુછું શ્રીમુનિસુવ્રતને, ૨૦

નમિજિણં ચ—તથા નમિજીનને ૨૧.

વંદામિ રિટ્ઠનેમિં—વાંદુછું શ્રી અરિષ્ટનેમિને ૨૨.

પાસ તહ—શ્રી પાર્શ્વનાથને તથા ૨૩.

વદ્ધમાણં ચ—શ્રી વર્ધમાનને (મહાવીર સ્વામીને) ૨૪.

એવંમએ—એ પ્રકારે મે—મારાજીવે.

અભિથુયા—નામપૂર્વક સ્તવ્યા—સ્તુતિ કરી

વિહુયરયમલા—(તે તીર્થંકરો કેવા છે ?) ટાળી છે કર્મરૂપ રજ જેમણે એવા

પહીણજરમરણા—પ્રક્ષીણ-ક્ષય કર્યાં છે જરા ને મરણ જેમણે.

ચઉવિસંપિ—ચોવીશે તીર્થંકરો તથા અન્ય પણ

જિણવરા—જીનવરો એટલે સામાન્ય કેવળજ્ઞાની

તિથ્થયરામે—તીર્થંકર દેવો મારા ઉપર

પસીયંતુ—પ્રસન્ન થાઓ કૃપા કરો.

કિત્તિય—કિર્તિત—ઇંદ્રાદિથી કીર્તના કરાયેલા.

વંદિય—વંદિત—ઇંદ્રાદિથી વંદાયેલા.

મહિયા—મહિત—ઇંદ્રાદિથી પૂજાયેલા.

જે એ—એવા જે તે.

લોગસ્સ—લોકના (લોકના વિષે)

ઉત્તમા—ઉત્તમ—પ્રધાન

સિદ્ધા—સિધ્ધ થયા છે (નિષ્ઠિતાર્થ) જેનાં સર્વ અથ સંપૂર્ણ થયા છે.

આરૂગ્ગ—આરોગ્યતા—રોગરહિતપણું.

બોહિલાભં—બોધિલાભ—સમ્યકત્વને.

સમાહિવરમુત્તમં દિંતુ—પ્રધાન અને ઉત્તમ પ્રકારની સમાધિ (પરમશાંતિ)ને દ્યો આપો.

ચંદેસુ નિમ્મલયરા—ચંદ્રમાં કરતાં અતિશે નિર્મળ.

આઇચ્ચેસુ અહિયં પયાસયરા—સૂર્ય થકી અધિક પ્રકાશના કરનારા.

સાગરવરગંભીરા—સાગરમાં મોટો સ્વયભૂરમણ સમુદ્ર તેની પેઠે ગંભીર એવા

સિદ્ધાસિદ્ધિં મમ દિસતુ-સિદ્ધપરમાત્મા ! સિદ્ધિ—મુક્તિ મને આપો.

પાઠ ૬ ઠો કરેમિ ભંતેનો.

(સામાયક આદરવાની વિધિનો)

દ્રવ્યથકી સાવજ્જ જોગનાં પચ્ચખાણ—જે પાપ વસ્તુ તેના યોગને ત્યજું છું

ક્ષેત્રથકી આખા લોક પ્રમાણે—(તે પાપો કયા ક્ષેત્ર આશ્રી ?) સર્વ લોકનાં પ્રમાણમાં.

કાળ થકી બે ઘડી ઉપરાંત ન પાળું ત્યાંસુધી—તેનો વખત કેટલો ? બે ઘડી ઉપરાંત મારી ઇચ્છા પર્યંત.

ભાવ થકી છ કોટીયે પચ્ચખાણ—મારા શુદ્ધ અંતઃકરણે કરી છ પ્રકારે પાપયોગને ત્યજું છું (બંધી કરૂં છું) (આટલો પાઠ આચાર્યોએ પાછળથી વધારે સમજણ પડે તેટલા માટે ગુજરાતી ભાષામાં યોજેલો છે) હવે પચ્ચખાણનો મૂળ પાઠ.

કરેમિ ભંતે-(હું) કરૂં છું હે પૂજ્ય-ભગવન્—ભદંત (કલ્યાણકારી) ભયાંત (ભયનો અંત કરનાર) ભવાંત (ભવનો અંત કરનાર).

સામાઇયં—સામાયિકને.

સાવજ્જં જોગં—સાવદ્ય પાપ તેના યોગ એટલે વ્યાપારને.

પચ્ચખામિ—બંધ કરૂં છું નિષેધું છું, ત્યજું છું

જાવ—જ્યાં સુધી.

નિયમં—(ઉપર વખત જણાવેલ છે) તે મર્યાદા સુધી.

પજ્જુવાસ્સામિ—એ વ્રતને સેવું ને તેમાં જ વર્તું.

દુવિહં—બે પ્રકારે
તિવિહેણં—ત્રણ પ્રકારે } નીચે બે કરણ અને ત્રણ યોગ બતાવે છે તે.

ન કરેમિ—હું પોતે સાવદ્ય વ્યાપાર (પાપ) કરૂં નહિ
ન કારવેમિ—અન્ય પાસે પાપ કરાવું નહિ } આ પ્રકારના બે કરણ કહેવાય છે.

મણસા—મને કરી
વયસા—વચને કરી
કાયસા—કાયાએ કરી } આ ત્રણ પ્રકારના યોગ ગણાય છે.

તસ્સભંતે—તે બે કરણને ત્રણ યોગે ગુણતા છ કોટીએ (છ પ્રકારે) એ પાપરૂપ વ્યાપારોને હે ભગવન.

પડિક્કમામિ ત્યુજું છું—તેથી નિવર્તું છું.

નિંદામિ—તે પાપોને આત્મસાક્ષીએ નિંદુ છું.

ગરિહામિ ગર્હા કરૂં છું—ગુરૂ સાક્ષીએ ધિક્કારૂં છું.

અપ્પાણં—અશુભ યોગમાં પ્રવેશ કરતા આત્માને પાપો થકી.

વોસિરામિ—ત્યજું છું.

પાઠ ૭ મો નમોત્થુણંનો.

નમોત્થુણં—નમસ્કાર હો.
અરિહંતાણં—શ્રી અરિહંતો (કર્મ શત્રુને હણનારા) ને
ભગવંતાણં—શ્રી સિદ્ધ ભગવંતોને તે પ્રભુ કેવા છે? તેના વિશેષણો નીચે પ્રમાણે.
આઇગરાણં—ધર્મની આદિના કરનારા એટલે ધર્મના પ્રથમ સ્થાપકો.
તિત્થયરાણં—ચાર તીર્થો (સાધુ સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા) ના સ્થાપનારા.
સયંસંબુદ્ધાણં—સ્વયં પોતાની મેળે સર્વ પ્રકારના બોધને પામનારા.
પુરિસો-તમાણં—પુરૂષોમાં ઉત્તમ પ્રધાન.
પુરિસસિહાણં—પુરૂષોમાં સિંહ સમાન
પુરિસવરપુંડરિયાણં—પુરૂષોમાં પ્રધાન ઉજવળ પુંડરિક કમળના સમાન.
પુરિસવરગંધહત્થીણં—પુરૂષોમાં પ્રધાન ગંધહસ્તિ સમાન.
લોગુ-તમાણં—ત્રણ લોકમાં ઉત્તમ.
લોગનાહાણં—ત્રણ લોકના નાથ,
લોગહિયાણં—ત્રણ લોકના હિત કરનારા
લોગપઇવાણં—ત્રણ લોકને વિષે પ્રદીપ સમાન.
લોગપજ્જોયગરાણં—ત્રણ લોકમાં પ્રદ્યોત કરનારા
અભયદયાણં—અભય દાનના દેનારા.
ચક્ખુદયાણં—જ્ઞાનરૂપ ચક્ષુ દેનારા.

મગ્ગદયાણં—મોક્ષમાર્ગના બતાવનારા.

સરણદયાણં—જન્મ મરણથી ત્રાસ પામેલને શરણે રાખનારા.

જીવદયાણં—સંયમ અથવા જ્ઞાનરૂપ જીવતરના આપનારા.

બોહિદયાણં—સમ્યક્ત્વરૂપ સદ્બોધને આપનારા.

ધમ્મદયાણં—ધર્મરૂપ અમર બુટ્ટીના દાતારો.

ધમ્મદેસિયાણં—ધર્મના સુદ્ધ સ્વરૂપને સમજાવનારા.

ધમ્મનાયગાણં—(કર્મની ફોજ સામે યુદ્ધ કરનારા) ધાર્મિક લશકરના નાયકો.

ધમ્મસારહિણં—ધાર્મિક રથના સારથીઓ.

ધમ્મવરચાઉરંતચક્કવટ્ટિણં—ધાર્મિક સેનાવડે ચાર ગતિનો અંત (વિજય) કરવામાં ચક્રવર્તી સમાન.

દીવો તાણં—(સંસારરૂપ સમુદ્રમાં પડેલા જીવોને) બેટ સમાન પ્રાણ બચાવનારા.

સરણ ગઇ પઈઠા—ચાર ગતિમાં ધસી પડતા જીવોને શરણ આધારભૂત.

અપ્પડિહયવર નાણ દંસણ ધરાણં—કોઇ પદાર્થથી હણાય નહિ એવા પ્રધાન (કૈવલ્ય) જ્ઞાનદર્શનને ધારણ કરનારા.

વિયટ્ટછઉમાણં—વિગત-ગયું છે છદ્મ-કર્મરૂપ આચ્છાદન જેમને એવા.

જિણાણં—રાગદ્વેષને જીતનારા.

જાવયાણં—અને બીજાને જીતાવનારા.

તિન્નાણં—ભવરૂપ સમુદ્રને તરનારા.

તારયાણં—અને બીજાને તારનારા.

બુદ્ધાણં—પોતે તત્વને જાણનારા.
બોહિયાણં—અને બીજાને તત્વ જણાવનારા.
મુત્તાણં—પોતે મુકાણા, અને.
મોયગાણં—બીજાને મુકાવનારા.
સવ્વન્નુણં—સર્વ જ્ઞાનવાળા-સર્વ (પદાર્થને જાણનારા.)
સવ્વદરિસિણં—સર્વદર્શી (સર્વ પદાર્થના દેખનારા.)
સિવ—ઉપદ્રવરહિત કલ્યાણરૂપ (આંહીથી બધા વિશેષણો સિદ્ધ સ્થાનનાં છે.)
મયલ—અચલ.
મરૂય—રોગરહિત.
મણંત—અનંત-જેનો અંત-નાશ નથી એવા.
મખય—અક્ષય-જેનો ક્ષય નથી એવા.
મવ્વાબાહ—બાધા પીડા રહિત.
મપુણરાવિત્તિં—જ્યાંથી ફરીને અવતરવું નથી એવા.
સિધિગઈનામધેયં—સિદ્ધિગતિ એવું નામ છે જેનું.
ઠાણંસંપત્તાણં—એ સ્થાનને પામેલા એવા.
નમોજિણાણં—જીનોને મારો નમસ્કાર હોજો.
જિયભયાણં—કે જેમણે ભય માત્રનો વિજય કર્યો છે.

પહેલું નમોથ્થુણં શ્રી સિદ્ધ ભગવંતજીને કરવાનું છે બીજું નમોથ્થુણં શ્રી અરિહંત દેવને કરવાનું છે તેમાં એવી રીતે સમજવાનું કે પહેલા નમોથ્થુણંની માફકજ પહેલેથી "સિદ્ધિગઈનામધેયં" શબ્દ સુધી કહેવુ અને "ઠાણંસંપત્તાણં શબ્દના બદલે ઠાણંસંપાવિઉં કામાણં" શબ્દ બોલવો અને ત્યારપછીના શબ્દ બોલવા નહિ.

ત્રીજું નમોથ્થુણં—વર્તમાનકાલના સ્વધર્માચાર્યને કરવાનું છે તે એવી રીતે કે—માહરા ધર્મ ગુરૂ, ધર્માચાર્ય ધર્મોપદેશ, સમ્યકત્વરૂપી બોધિબીજનાં દાતાર, જીનશાસનનાં શણગાર, એહવી અનેક સર્વ શુભોપમાએ બિરાજમાન પૂજ્યજી સાહેબજી શ્રી ૧૦૮

સ્વામીજી આદિ, સાધુ સાધ્વીજી વીતરાગની આજ્ઞા પ્રમાણે જ્યાં જ્યાં વિચરે છે, ત્યાં ત્યાં તેઓને મારી સમય સમયની વંદના હોજો.

પાઠ આઠમો સામાયક પાલવાની વિધિનો.

એહવા નવમા સામાયિક વ્રતના—અંગીકાર કરેલા સામાયિક નામના નવમા વ્રતના.

પંચ અઇયારા જાણિયવ્વા—પાંચ અતિચારોછે તે, જાણવા પણ.

ન સમાયરિયવ્વા—તે સમાચરવા નહિ (આદરવા નહિ)

તં જહા તે આલોઉં—તે જેમ છે તેમ વિચારૂં છું.

મણદુપ્પડિહાણે—મન માઠી રીતે પ્રવર્ત્યું હોય.

વય દુપ્પડિહાણે—વચન માઠી રીતે પ્રવર્ત્યું હોય.

કાય દુપ્પડિહાણે—કાયા માઠી રીતે પ્રવર્તી હોય.

સામાઇયસ્સ સઇ અકરણયાએ—સામાયિકને આદર્યા છતાં પૂર્ણ કર્યું નહોય.

સામાઇયસ્સ અણવઠિયસ્સ કરણયાએ—સામાયિક અવ્યવસ્થિતપણાયે કર્યું હોય.

તસ્સ મિચ્છા મિદુક્કડં—તેનું પાપ મારૂં મિથ્યા થાઓ.

સામાયિક સમકાએણં—સામાયિકને સમ્યક પ્રકારે કાયાએ
કરીને.

ન ફાસિયં ન પાલિયં ન તિરિયં—ન સ્પર્શ્યું (અંગીકાર કર્યું)
ન હોય ન પાળ્યું હોય, ન પાર ઉતાર્યું હોય.

નકિટ્ટિયં ન સોહિયં ન આરાહિયં—ન કીર્તના કરી હોય,
ન શુદ્ધ કર્યું હોય ન આરાધના કરી હોય.

આણાએ અણુપાલિતા ન ભવઇ—આજ્ઞાનુસાર પાલન કર્યું
ન હોય.

તસ્સ મિચ્છામિદુક્કડં—તે સંબંધીનું મારૂં પાપ મિથ્યા
થાઓ.

સામાયિકમાં દશ મનના, દશ વચનના, બાર કાયાના, એમ બત્રીશ દોષ માંહિલો જે કોઇ દોષ લાગ્યો હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

સામાયિકમાં સ્ત્રીકથા, ભત્તકથા દેશકથા, રાજકથા એ ચાર વિકથા માંહેલી કોઇ કથા કરી હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

—:૦:—

સામાયિકમાં આહાર સંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞા, એ ચાર સંજ્ઞા માંહેલી કોઇ સંજ્ઞાનું સેવન કર્યું હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

સામાયિકમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અણાચાર જાણતાં અજાણતાં મને વચને કાયાએ કરી કોઇ દોષ લાગ્યો હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

સામાયિક વ્રત વિધિએ લીધું, વિધિએ પાલ્યું, વિધિએ કરતાં અવિધિએ થયું હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

સામાયિકમાં કાનો, માત્રા, મીંડી, પદ, અક્ષર હ્રસ્વ દીર્ઘ ઓછું અધિક વિપરીત ભણાણું હોય તો અનંત સિદ્ધ કેવળી પ્રભુની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

—:૦.—

સામાયક વ્રતનો વિધિ.

પ્રથમ મુહુપતિ જોઇને બાંધવી, પાથરણું તપાસી પાથરવું, ગુચ્છો રજોહરણ તપાસીને રાખવા, પહેરવા ઓઢવાના બે કપડા સાફ રાખવા, પાથરણાપર બેસી સામાયકવ્રત આદરતી વખતે **પાઠ ૧** લાથી **પાઠ** ૪થા સુધી બોલી જવા, પછી **પાઠ** ૩જા તથા **પાઠ ૧** લાનો કાયોત્સર્ગ કરવો, ત્યાર પછી **પાઠ** ૫મો બોલીને સામાયક માટે ગુરૂ મહારાજની સવિનય આજ્ઞા લઇ **પાઠ** ૬ ઠો બોલવો. ગુરૂ હાજર ન હોયતો ઇશાન કોણ સન્મુખ શ્રી સિમંધર સ્વામિને વંદના કરી તેમની આજ્ઞા લેવી) ત્યાર પછી **પાઠ ૭મા માં** બતાવ્યા પ્રમાણે ત્રણ "**નમોથ્થુણં**" અને નવકાર મંત્ર બોલવા.

સામાયકનો સમય પૂર્ણ થયે પ્રથમ પાંચ પાઠ સુધીની ક્રિયા બધી ઉપર પ્રમાણે કરવી. ગુરૂની આજ્ઞા લેવાની હોતી નથી તેથી આગલ છઠ્ઠા પાઠને બદલે **પાઠ ૮ મો** બોલવો. પછી ત્રણ "**નમોથ્થુણં**" બોલીને નમસ્કાર મંત્રનો ત્રણવખત ઉચ્ચાર કરવાથી સામાયકવ્રત પૂર્ણ થાય છે.

શ્રી વીતરાગદેવાય નમઃ ।

અથ શ્રી પ્રતિક્રમણ સૂત્ર પ્રારભ્યતે.

"સામાયિક" અંગીકાર કર્યા પછી સવિનયે ઉભા થઇ બે હાથ જોડી ગુરૂજીને યથાવિધિ વંદના કરી "પહેલા આવશ્યકની આજ્ઞા" માગી "इच्छामिणंभंते" નાં પાઠથી ઉચ્ચાર કરવો.

पाठ १ लो इच्छामिणं भंतेनो.

ઇચ્છામિણં ભંતે તુભેહિં અભણુ નાયસમાણે દેવસી પડિકમણું ઠાએમિ ॥ દેવસિ જ્ઞાન દર્શન ચારિત્ર (તપ×) અતિચાર ચિંતવનાર્થં કરેમિ કાઉસગ્ગં ॥ ૧ ॥

અહીં "નમોક્કાર" નો પાઠ અને

"કરેમિ ભંતે સામાઇયં" થી માંડિ "વોસિરામિ સુધીનો પાઠ બોલવો.

पाठ २ जो इच्छामि ठामि काउसग्गनो.

ઇચ્છામિ ઠામિ કાઉસગ્ગં ॥ જો મે દેવસીઓ અઇયારોકઓ ॥ કાઇઓ વાઇઓ માણસીઓ ॥ ઉસુત્તો ઉમગ્ગો ॥ અકપ્પો અકરણિજ્જો ॥ દુજ્ઝાઓ દુવિચિંતિઓ ॥ અણાયારો અણિછિયવ્વો ॥ અસાવગ પાઉગ્ગો ॥ નાણે તહ દંસણે ચરિતાચરિતેય ॥ સુએસામાઇએ ॥ તિન્હં ગુત્તિણં ॥ ચઉન્હં કસાયાણં ॥ પંચન્હં માણુવયાણં ॥

× તપ-શબ્દ રાત્રી પ્રતિક્રમણમાંજ કહેવાનો છે,

તિન્હં ગુણવયાણં ॥ ચઉન્હં સિખ્ખાવયાણં ॥ બારસ્સવિહસ્સ સાવગધમ્મસ્સ॥ જંખંડિયં જંવિરાહિયં, તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૨ ॥

અહીં "તસ્સઉત્તારીકરણેણં" નો પાઠ બોલવો; અને *નવાણુ અતિચારનો કાઉસગ્ગ કરવો. (ઇતિ પ્રથમ આવશ્યક સમાપ્તં ॥ ૧॥.)

પછી પૂર્વની પેઠે ઉભા થઇ બીજા આવશ્યકની આજ્ઞા માગવી.

"લોગસ્સ" નો પાઠ બોલવો. (ઇતિ બીજો આવશ્યક સમાપ્તં ॥ ૨॥.)

પછી ઉભા થઈ ત્રીજા આવશ્યકની આજ્ઞા માગવી, ને નીચેનો પાઠ બોલવો.

पाठ ३ जो इच्छामि खमासमणानों.

(આ પાઠ ઉત્કૃષ્ટી વંદણાનો છે ને તે ઉત્કટ આસને બેસીને બે વખત બોલાય છે.)

ઇચ્છામિ ખમાસમણો ॥ વંદિઉં ॥ જાવણિજ્જાએ ॥ નિસીહિયાએ ॥ અણુજાણહ મે મિ ઉગ્ગહં ॥ નિસીહિ અહો કાયં ॥

---

* નવાણુ અતિચારની વિગત—

જ્ઞાનનાં અતિચાર "જંવાઇધં" આદિ ૧૪, સમકિતનાં "શંકા" આદિ અતિચાર ૫, પહેલા ૭ વ્રતનાં દરેકનાં પાંચ પાંચ મળી ૩૦, સાતમાં વ્રતનાં "સચિત્તાહારે" આદિ ૫ અને "ઇંગાલકમ્મે" આદિ ૧૫ કુલ ૨૦, આઠમા વ્રતથી માંડી બારમાવ્રત સુધિનાં દરેકનાં પાચ પાંચ મળી ૨૫, સંથારાના ૫ એમ કુલ મળી ૯૯ અતિચારને એક નમોક્કારનો કાઉસગ્ગ કરવો.

કાયસંફાસં ॥ ખમણિજ્જોભેકિલામો ॥ અપ્પકિલંતાણં ॥ બહુસુભેણં ભે ॥ દિવસો વઇકંતો ॥ જત્તાભે ॥ જવણિ જં ચ ભે ॥ ખામેમિ ॥ ખમાસમણો દેવસિયં વઇક્કમં, આવસિયાએ પડિક્કમામિ, ખમાસમણાણં ॥ દેવસીઆએ ॥ આસાયણાએ ॥ તિતિસંનયરાએ ॥ જંકિંચિમિછ્છાએ ॥ મણદુક્કડાએ ॥ વયદુક્કડાએ ॥ કાયદુક્કડાએ ॥ કોહાએ ॥ માણાએ ॥ માયાએ ॥ લોહાએ ॥ સવ્વ કાલિયાએ ॥ સવ્વમિછ્છોવયારાએ ॥ સવ્વધમાઇકમણાએ ॥ આસાયણાએ ॥ જોમેદેવસીઓ ॥ અઇયારોકઓ ॥ તસ્સ ખમાસમણો ॥ પડિક્કમામિ ॥ નિંદામિ ॥ ગરિહામિ ॥ અપ્પાણં વોસિરામિ ॥ ૩ ॥

ઇતિ ત્રીજો આવશ્યક સમાપ્તં ॥ ૩ ॥.

અહીંઆ ઉભા થઇ પૂર્વની પેઠે ચોથા આવશ્યકની આજ્ઞા માગવી.

पाठ ४ थो ज्ञानना अतिचारनो.

દિવસ સંબંધી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપને વિષે જે અતિચાર લાગ્યા હોય તે આળોઉં. આગમે ॥ તિવિહે ॥ પન્નત્તે ॥ તંજહા ॥ સુત્તાગમે ॥ અથ્થાગમે ॥ તદુભયાગમે ॥ એહવાશ્રીજ્ઞાનને વિષે જે અતિચાર લાગ્યો હોય તે આળોઉં ॥ જંવાઇધં ॥ વચ્ચામેલીયં ॥ હીણખરં ॥ અચ્ચખરં ॥ પયહીણં ॥ વિણયહીણં ॥ જોગહીણં ॥ ઘોસહીણં ॥ સુઠુદિન્નં ॥ દુઠુપડિછિયં ॥ અકાલેકઓસઝ્ઝાઓ ॥ કાલેનકઓસઝ્ઝાઓ ॥ અસઝ્ઝાઇએ સઝ્ઝાઇયં ॥ સઝ્ઝાઇએ નસઝ્ઝાઇયં ॥ તસ્સ મિછ્છામિદુક્કડં ॥ ૪॥

पाठ ५ मो समकितनो.

દંસણુ સમકિત ॥ પરમથ્થ સંથ્થવો વા ॥ સુદિઠપરમથ્થ ॥ સેવણુવાવિ ॥ વાવન્ન કુદંસણુ વજ્જણ્ા ॥ સમત્તસદ્દહણા ॥ એહવા સમકિતના સમણોવાસએણું ॥ સમત્તસ્સ પંચ-અઈયારા ॥ પાયાલા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ સંકા ॥ કંખા ॥ વિતિગિચ્છા ॥ પરપાસંડ પરસંસા ॥ પરપાસંડ સંથવો ॥ એ પાંચ અતિચાર મધ્યે જે કોઈ અતિચાર લાગ્યા હોય તો તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૫॥

——:✻०✻:——

पाठ ६ ट्ठो प्राणातिपातनि- त्तिना.

પહિલું અણુવ્રત થુલાએ ॥ પાણાઇવાયાએ ॥ વેરમણું ॥ ત્રસજીવ ॥ બેઇંદ્રિય ॥ તે ઇંદ્રિય ચઉરિંદ્રિય ॥ પંચેંદ્રિય ॥ જાણી પ્રીછી સ્વસંબંધી શરીર માહિલા પીડાકારી ॥ સઅપ-રાધી વિગલેંદ્રિયવિના આકુટીએ હણવાનિમિત્તે હણવાના પચ્ચ-ખાણુ ॥ તથા સૂક્ષ્મ એકેંદ્રિય પણ હણવાના પચ્ચખાણુ ॥ જાવજીવાએ ॥ દુવિહં ॥ તિવિહેણું ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ મણસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવા પહિલાથુલપ્રાણાતિપાત વેરમણ વ્રતના ॥ પંચઅઇયારા ॥ પાયાલા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ બંધે ॥ વહે ॥ છવિછેએ ॥ અઇભારે ॥ ભત્તપાણવોછેએ ॥ એહવા પહેલા વ્રતને વિષે પાપદોષ લાગ્યા હોય તો તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૬॥

——+०+——

पाठ ७ मो मृषावाद विरमणनो.

બીજું અણુવ્રત થુલાએ ॥ મુસાવાયાએ વેરમણું ॥

કન્નાલિક ॥ ગોવાલિક ॥ ભોમાલિક ॥ થાપણમોસો ॥ મોટકી કુડિસાખ ॥ ઇત્યાદિક મોટકું જૂઠું બોલવાના પચ્ચ-ખાણ ॥ જાવજીવાએ ॥ દુવિહં ॥ તિવિહેણું ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ મણસા વયસા ॥ કાયસા ॥ એહવા બીજા થુલ મૃષાવાદ વેરમણ વ્રતના પંચઅઇયારા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ સહસ્સાભખાણે ॥ રહસ્સાભખાણે ॥ સદારમંતભેએ ॥ મોસોવએસે ॥ કુડલેહ-કરણે ॥ એહવા બીજા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૭॥

पाठ ८ मो अदत्तादान विरमणनो

ત્રીજું અણુવ્રત થુલાઓ ॥ અદિનાદાણાઓ વેરમણં ખાતરખણી ॥ ગાંઠડી છોડી ॥ તાલાઉપર કુંચીએ કરી ॥ પડી વસ્તુ ધણીઆતી જાણી ॥ ઇત્યાદિક મોટકું અદત્તાદાન લે-વાનાં પચ્ચખાણ ॥ સગા સંબંધી વ્યાપાર સંબંધી તથા નિભરમી વસ્તુ ઉપરાંત અદત્તાદાન લેવાનાં પચ્ચખાણ ॥ જાવજીવાએ ॥ દુવિહં ॥ તિવિહેણું ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ મણસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવા ત્રીજા થુલ અદત્તાદાન વેરમણ વ્રતના ॥ પંચઅઇયારા ॥ જાણિયવ્વા ॥ ન સમા-યરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ તિનાહડે ॥ તક્કર-પઉગે ॥ વિરૂદ્ધરજાઇક્કમે ॥ કુડતોલે કુડમાણે ॥ તપડિરૂ-વગવવહારે ॥ એહવા ત્રીજા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૮ ॥

पाठ ९ मो मैथुन विरमणनो.

ચોથું અણુવ્રત થુલાઓ ॥ મેહુણાઓ વેરમણં ॥ *સદારસંતોસીએ ॥ અવસેસં મેહુણવિહંના પચ્ચખાણ ॥ અને જે સ્ત્રી પુરૂષને મૂળ થકી કાયાએ કરી મેહુણ સેવવાનાં પચ્ચખાણ હોય ॥ તેહને દેવતા, મનુષ્ય, તિર્યંચ સંબંધી મેહુણનાં પચ્ચખાણ ॥ જાવજીવાએ ॥ દેવતા સંબંધી ॥ દુવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ મણસા ॥ વયસા ॥ કાયસા ॥ મનુષ્ય તિર્યંચ સંબંધી, એગવિહં ॥ એગવિહેણં ॥ નકરેમિ ॥ કાયસા ॥ એહવા ચોથા થુલ મેહુણ વેરમણ વ્રતના પંચઅઈયારા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ ઇતરિય પરિગહિય ગમણે ॥ અપરિગહિય ગમણે ॥ અનંગક્રીડા ॥ પરવિવાહકરણે ॥ કામભોગેસુતિવ્વાભિલાસા ॥ એહવા ચોથા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૯ ॥

—०×०—

पाठ १० मो परिग्रह विरमणनो.

પાંચમું અણુવ્રત થુલાઓ પરિગ્ગહાઓ વેરમણં ॥ ખેતવત્થુનું યથા પરિમાણ ॥ હિરણ્ણ સોવન્નનું યથા પરિમાણ ॥ ધનધાનનું યથા પરિમાણ ॥ દુપદ ચઉપદનું યથા પરિમાણ ॥ કુવિયનું યથા પરિમાણ ॥ એ યથા પરિમાણ કીધું છે તે ઉપરાંત પોતાનો પરિગ્રહ કરી રાખવાનાં પચ્ચખાણ ॥ જાવજીવાએ ॥ એગવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ મણસા ॥

* સ્ત્રીએ "સભર્તાસંતોસીએ" કહેવું

વયસા ॥ કાયસા ॥ એહવા પાંચમાં થુલ પરિગ્રહ પરિમાણ વેરમણ વ્રતના પંચઅઇયારા ॥ જાણિયવ્વા ॥ ન સમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ ખેતવથ્થુ પમાણાઇક્કમ્મે ॥ હિરણસોવન પમાણાઇક્કમ્મે ॥ ધનધાન પમાણાઇક્કમ્મે ॥ દુપદચઉપદ પમાણાઇક્કમ્મે ॥ કુવય પમાણાઇક્કમ્મે ॥ એહવા પાંચમાં વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો તસ્સમિછ્છામિદુક્કડં ૧૦ ॥

पाठ ११ मो दिशापरिमाणनो.

છઠું દિશિવ્રત, ઉદ્ધદિશિનું યથા પરિમાણ ॥ અધોદિશિનું યથા પરિમાણ ॥ તિરિયદિશિનું યથા પરિમાણ ॥ એ યથા પરિમાણ કીધું છે, તે ઉપરાંત સઇછ્છાએ કાયાએ જઈને પાંચે આશ્રવ સેવવાનાં પચ્ચખાણ ॥ જાવજીવાએ ॥ દુવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ નકારવેમિ ॥ મણસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવા છઠ્ઠા દિશિ વેરમણ વ્રતના પંચઅઇયારા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ ઉદ્ધદિશિ પમાણાઇક્કમે ॥ અધોદિશિ પમાણાઇક્કમે ॥ તિરિયદિશિ પમાણાઇક્કમે ॥ ખેતવુદ્ધિ ॥ સઇઅંતરધાએ ॥ એહવા છઠ્ઠા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો તસ્સમિછ્છામિદુક્કડં ॥ ૧૧ ॥

पाठ १२ मो भोगोपभोग मर्यादानो.

સાતમું વ્રત ઉવભોગ–પરિભોગ–વિહં પચ્ચખાયમાણે ॥ ૧ ઉલ્લણીઆવિહં ૨ દંતણવિહં ૩ ફળવિહં ૪ અભિંગણવિહં ૫

ઉવટ્ટણુવિહં ૬ મંજ્જણુવિહં ૭ વથ્થવિહં ૮ વિલેવણુવિહં ૯ પુફ્ફવિહં ૧૦ આભરણુવિહં ૧૧ ધુપવિહં ૧૨ પેજવિહં ૧૩ ભખણુવિહં ૧૪ ઉદનવિહં ૧૫ સૂપવિહં ૧૬ વિગયવિહં ૧૭ સાકવિહં ૧૮ મહુરવિહં ૧૯ જમણુવિહં ૨૦ પાણીવિહં ૨૧ મુખવાસવિહં ૨૨ વાહણિવિહં ૨૩ વાહનવિહં ૨૪ સયણુવિહં ૨૫ સચિત્તવિહં ૨૬ દબ્વવિહં ॥ ઇત્યાદિકનું યથા પરિમાણુ કીધું છે, તે ઉપરાંત ઉવભોગ પરિભોગ ભોગ નિમિત્તે ભોગવવાનાં પચ્ચખાણુ ॥ જાવજીવાએ ॥ એગવિહં ॥ તિવિહેણું ॥ નકરેમિ ॥ મણુસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવા સાતમા ઉવભોગ પરિભોગ દુવિહે પન્નતે તંજહા, ભોયણાઉય ॥ કમ્મઉય ॥ ભોયણાઉય સમણોવાસએણું ॥ પંચઅઇયારા જાણિયવ્વા નસમાયરિયવ્વા ॥ તંજહા તે આળોઉં ॥ સચિત્તાહારે ॥ સચિત્તપડિબદ્ધાહારે ॥ અપ્પોલિઓ સઇ ભખ્ખણુયા ॥ દુપ્પોલીઓ સઈ ભખણુયા ॥ તુછો સઇ ભખણુયા ॥ કમ્મઉણું ॥ સમણોવાસએણું ॥ પન્નરસ કમ્માદાણાઈં ॥ જાણિયવ્વા નસમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ ઈંગાલકમ્મે ॥ વણુકમ્મે સાડિકમ્મે ॥ ભાડિકમ્મે ॥ ફોડિકમ્મે ॥ દંતવાણિજજે ॥ કેસવાણિ-જજે ॥ રસવાણિજજે ॥ લખવાણિજજે ॥ વિસવાણિજજે ॥ જંતપી-લણુકમ્મે ॥ નિલંછણુકમ્મે ॥ દવગ્ગિદાવણુયા ॥ સરદહતલાગ પરિસોસણુઆ ॥ અસઇ પોસણુઆ ॥ એહવા સાતમા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો તસ્સમિછામિદુક્કડં ॥ ૧૨ ॥

पाठ १३ मो अनर्थदंड विरमणनो.

આઠમું વ્રત અણુથ્થાદંડનું વેરમણું ॥ ચઉવિહે અણુથ્થા દંડે ॥ પન્નતે ॥ તંજહા ॥ અવજ્ઝાણાચરિયં ॥ પમાયાચરિયં ॥ હિંસપયાણું ॥ પાવકમ્મોવએસં ॥ એહવા આઠમા અણુથ્થાદંડ

સેવવાનાં પચ્ચખાણ ॥ જાવજીવાએ ॥ દુવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ મણુસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવા આઠમા અણુથ્થાદંડ વેરમણ વ્રતના પંચઅઇયારા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ કંદપ્પે ॥ કુક્કુઇએ ॥ મોહરિએ ॥ સંજુતાહિગરણે ॥ ઉવભોગ પરિભોગ અઇરત્તે ॥ એહવા આઠમા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો તસ્સમિ-છ્છામિદુક્કડં ॥ ૧૩ ॥

पाठ १४ मो सामायकव्रतनो.

નવમું સામાયિક વ્રત સાવજ્જોગનું વેરમણું જાવનિયમ પજ્જુવાસ્સામિ ॥ દુવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ નકાર-વેમિ ॥ મણુસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવી સદ્દહણા પરૂ-પણાએકરી સામાયિકનો અવસર આવે સામાયિક કરીએ તિવારે ફરસનાએકરી શુદ્ધ હોજો ॥ એહવા નવમા સામાયિક વ્રતના પંચઅઇયારા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ મણદુપ્પડિહાણે ॥ વયદુપ્પડિહાણે કાયદુપ્પડિહાણે ॥ સામાઇયસ્સ સઇ અકરણયાએ ॥ સામાઇયસ્સ અણુવઠિયસ્સ કરણયાએ ॥ એહવા નવમા વ્રતને વિષે પાપ-દોષ લાગ્યો હોય તો તસ્સમિછ્છામિદુક્કડં ॥ ૧૪ ॥

पाठ १५ दिशावगासीयानो. *

દશમું દિસાવગાસિક વ્રત ॥ દિનપ્રત્યે પ્રભાતથકી પ્રારંભીને પૂર્વાદિક છ દિશિ જેટલી ભૂમિકા મોકળી રાખી છે તે ઉપરાંત સઇચ્છાએ કાયાએ જઇને પાંચે આશ્રવ સેવવાનાં પચ્ચખાણ ॥ જાવ અહોરંત્તં ॥ દુવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ મણુસા ॥ વયસા ॥ કાયસા ॥ જેટલી ભૂમિકા મોકળી રાખી છે તે માંહિ દ્રવ્યાદિકની મર્યાદા કીધી છે તે ઉપરાંત ઉવભોગ પરિભોગ ભોગનિમિત્તે ભોગવવાનાં પચ્ચખાણ ॥ જાવ અહોરતં એગવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ મણુસા ॥ વયસા ॥ કાયસા એહવા દસમા દિશાવગાસિક વ્રતના પંચઅઇયારા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ આણુવણુપઉગે ॥ પેસવણુપઉગે ॥ સદ્દાણુવાએ ॥ રૂવાણુવાએ ॥ બહિયા પોગ્ગલપખેવે ॥ એહવા દશમા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૧૫ ॥

---

* ૧૦ મા દેશાવગાશિક વ્રત બાંધવાનો વિધિ. દ્રવ્યથકી સાવજ્જજોગ સેવવાનાં પચ્ચખાણ, ક્ષેત્ર થકી આખા લોક પ્રમાણે, કાલથકી કાલનાં દિવસ ઉગ્યા સુધિ, ભાવથકી ૭ કોટીએ પચ્ચખાણ, દશમુ દેશાવગાશિક વ્રત જાવ અહોરત્તં પજ્જુવાસ્સામિ, દુવિહં તિવિહેણં—નકરેમિ, ન કારવેમિ, મણુસા વયસા કાયસા તસ્સ ભંતે, પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

પાઠ ૧૬ મો પૌષધવ્રતનો. †

અગ્યારમું પૌષધવ્રત અસણં ॥ પાણં ॥ ખાઇમં ॥ સાઇમંના પચ્ચખાણ ॥ અબ્રહ્મનાં પચ્ચખાણ ॥ મણિસોવનના પચ્ચખાણ ॥ માલાવન્નગવિલેવણના પચ્ચખાણ ॥ સથ્થમુ- સલાદિક સાવજ્જ જોગનાં પચ્ચખાણ ॥ જાવઅહોરત્તં પજ્જુવાસ્સામિ ॥ દુવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ મણસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવી સદ્દહણા પરૂપણાએ કરી પોષાનો અવસર આવે, પોષો કરૂં તિવારે ફરસનાએ કરી શુદ્ધ હોજો ॥ એહવા અગ્યારમાં પડિપુણ પોષધ વ્રતના પંચઅઇયારા ॥ જાણિયવ્વા ॥ ન સમાયરિયવ્વા ॥ તજહા ॥ તે આલોઉં ॥ અપ- ડિલેહિય દુપડિલેહિય સેજ્જાસંથારએ ॥ અપમજ્જિય દુપ- મજ્જિય સેજ્જાસંથારએ ॥ અપડિલેહિય દુપ્પડિલેહિય ઉચ્ચાર પાસવણ ભૂમિ ॥ અપમજ્જિય દુપમજ્જિય ઉચ્ચાર પાસવણ ભૂમિ ॥ પોસહસ્સ સમંઅણાણુ પાલણયા ॥ એહવા અગ્યારમા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૧૬ ॥

---

† ૧૧ મા પડિપૂર્ણ પૌષધવ્રત બાધવાનો વિધિ, દ્રવ્યથકી સાવર્જ્જોગ સેવવાના પચ્ચખાણ, ક્ષેત્રથકી આખા લોકપ્રમાણે, કાલથકી કાલનાં દિવસ ઉગ્યા સુધિ, ભાવથકી છ કોટીએ પચ્ચખાણ, ઇગ્યારમું પડિપુણ પૌષધવ્રત, અસણં, પાણં, ખાઇમં, સાઇમંના પચ્ચખાણ, અબ્રહ્મ સેવવાનાં પચ્ચખાણ, મણિસુવણનાં પચ્ચખાણ, માલાવન્નગવિલેવણના પચ્ચખાણ, સથ્થમૂસલાદિક સાવર્જ્જોગ સેવવાનાં પચ્ચખાણ, જાવઅહોરત્ત પજ્જુવાસ્સામિ, દુવિહ તિવિહેણ-ન કરેમિ, ન કારવેમિ, મણસા વયસા કાયસા, તસ્સ ભંતે, પડિ૦, નિંદા૦, ગરિ૦, અપ્પાણ વો૦.

૧૧ માં પૌષધવ્રત પાળવાનો વિધ.

એહવા અગ્યારમા પડિપુણ્ પોષધ વ્રતના પચ અઈચારા જાણીયવ્વા નસમાયરિયવ્વા તંજહા તે આલોઊ, અપડિલેહિય દુપડિલેહિય સેજ્જા સંથારએ ૧ અપમજ્જિય દુપમજ્જિય સેજ્જા સંથારએ ૨ અપડિલેહિય દુપડિલેહિય ઉચ્ચાર પાસવણ્ ભૂમી ૩ અપમજ્જિય દુપમજ્જિય ઉચ્ચાર પાસવણ ભૂમી ૪ પોસહસ્સસમંઅણાણુ પાલણયા ૫ એ પાચ અતિચાર માંહીલા જે કોઈ અતિચાર લાગ્યા હોય તો તસ્સમિછામિ દુક્કડં ૧.

પોષધવ્રતમાં સમકાએણું નફાસિયં નપાલિય નતિરિયં નકિટ્ટિયં નસોહિય નઆરાહિય આણાએ અણુપાલીતા નભવઇ તસ્સમિછ્છામિ દુક્કડં ૨.

પોષધવ્રતમાં એકવીશ દોષ માંહીલા જે દોષ લાગ્યા હોય તો તસ્સમિછ્છામિ દુક્કડ ૩.

પોષધવ્રતમાં સ્ત્રીકથા ભત્તકથા દેશકથા રાજકથા એ ચારકથા માંહીલી કથા કરી હોય તો તસ્સમિછ્છામિદુક્કડં ૪ પોષધવ્રતમાં આહારસજ્ઞા ભયસંજ્ઞા મૈથુનસજ્ઞા પરિગ્રહસંજ્ઞા એ ચાર સજ્ઞા માહેલી કોઇ સંજ્ઞાકરી હોય તો તસ્સમિછ્છામિ દુક્કડં ૫.

પોષધવ્રત વિધિએ લીધુ વિધીએપાળ્યુ વિધીએકરતાં અવિધિએથયું હોય તો તસ્સમિછ્છામિ દુક્કડં ૬.

પોષધવ્રતમાં અતિક્રમ વ્યતિક્રમ અતિચાર અણાચાર જાણતા અજાણતા મને વચને કાયાએ કરી જ્ઞાન દર્શન ચારિત્ર અને તપસંબંધી કોઇ દોષ લાગ્યા હોય તો તસ્સમિછ્છામિદુક્કડં ૭

પોષધવ્રતમાં કાનો માત્રા મીંડી પદ અક્ષર ઓછો અધિક વિપરીત ભણાણો હોય તો અનંત સિદ્ધ કેવળીની સાક્ષીએ. મ્હારે મિછ્છામિદુક્કડં ૮.

દશમાવ્રત પાલવાનો વિધિ.

ઇગ્યારમાં વ્રતની પેઠેજ કહેવાનો છે, પણ એટલો ફેર કે ૧૧ માને બદલે ૧૦ મો વ્રત બોલવો.

पाठ १७ मो अतिथि संविभागनो.

બારમું અતિથિ સંવિભાગવ્રત ॥ સમણે નિગ્ગંથે ॥ ફાસુએ-સણિજ્જેણં ॥ અસણં ॥ પાણં ॥ ખાઇમં ॥ સાઇમં ॥ વથ્થ ॥ પડિગ્ગહ કંબલ ॥ પાયપુછણેણં ॥ પાઢીઆરૂ ॥ પીઢ ॥ ફલગ ॥ સેજ્જા સંથારએણં ॥ ઉસહભેસજ્જેણં ॥ પડિલાભેમાણે ॥ વિહરામિ ॥ એહવી સદહણા ॥ પરૂપણાએકરી સાધસાધવીની જોગવાઇ મિલે, તિવારે ફરસનાએ કરી શુદ્ધ હોજો ॥ એહવા બારમા અતથિ સંવિભાગ વ્રતના પંચઅઇયારા ॥ જાણિયવ્વા ॥ ન સમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ સચિતનિખેવણિયા ॥ સચિતપેહણિયા ॥ કાલાઇક્કમે ॥ પરોવએસે ॥ મછરિયાએ ॥ એહવા બારમા વ્રતને વિષે પાપ દોષ લાગ્યો હોય તો તસ્સમિછામિદુકકડં ॥ ૧૭ ॥

पाठ १८ मो अणसण (संथारो) करवानी विधिनो.

અપછિમ મારણંતિય સંલેહણા ॥ પોષધશાળા પુંજીને ॥ ઉચ્ચારપાસવણભૂમિકા પડિલેહિને ॥ ગમણાગમણે પડિકમિને ॥ દર્ભાદિક સંથારો સંથરીને ॥ દર્ભાદિક સંથારો દુરૂહિને ॥ પૂર્વ તથા ॥ ઉ-તર દિશિ—પલ્યંકાદિક આસને બેસીને ॥ કરયલ સંપગ્ગહિયં ॥ સિરસાવતયં ॥ મથ્થએ ॥ અંજલિકટ્ટુ ॥ એવંવયાસી ॥ નમો-થ્થુણં ॥ અરિહંતાણં ॥ ભગવંતાણં ॥ જાવ સંપતાણં ॥ એમ અનંતાસિદ્ધને નમસ્કાર કરીને ॥ વર્તમાન પોતાના ધર્મગુરૂ ધર્મા-ચાર્યને નમસ્કાર કરીને ॥ પૂર્વે જે વ્રત આદર્યાં છે તે આળોઇ, પડીક્કમી, નિંદી, નિસલ્લ થઇને ॥ સવ્વં પાણાઇવાયં પચ્ચખામિ ॥

સવ્વં મુસાવાયં પચ્ચખામિ ॥ સવ્વં અદિન્નાદાણું પચ્ચખામિ ॥ સવ્વં મેહુણું પચ્ચખામિ ॥ સવ્વં પરિગ્ગહં પચ્ચખામિ ॥ સવ્વં કોહં પચ્ચખામિ ॥ જાવ મિચ્છાદંસણસલ્લં અકરણિજ્જં જોગં પચ્ચખામિ ॥ જાવજીવાએ ॥ તિવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ કરંતંનાણુજાણુઇ ॥ મણસા વયસા ॥ કાયસા ॥ એમ અઢાર પાપસ્થાનક પચ્ચખીને ॥ સવ્વ અસણં ॥ પાણં ॥ ખાઇમં ॥ સાઇમં ॥ ચઉવિહં પિઆહારં પચ્ચખામિ ॥ જાવજીવાએ એમ ચારે આહાર પચ્ચખીને ॥ જંપિયં ॥ ઇમં સરીરં ઇઠં કંતં પિયં ॥ મણુન્નં ॥ મણામં ધિજં ॥ વિસાસિયં ॥ સમયં ॥ અણુમયં ॥ બહુમયં ॥ ભંડકરંડગસમાણં ॥ રયણકરંડગભૂયં ॥ માણં સીયં ॥ માણં ઉન્હં ॥ માણં ખુહા ॥ માણં પિવાસા ॥ માણં બાલા ॥ માણં ચોરા ॥ માણં દંસા ॥ માણં મસગા ॥ માણં વાઇય પિતિય સંભિમ ॥ સન્નિવાઇય વિવિહારોગાયંકા પરિસહોવસગા ફાસાફુસંતુ ॥ એયંપિયેણં ॥ ચરિમેહિં ॥ ઉસાસનિસાસેહિં ॥ વોસિરામીતિકટ્ટુ ॥ એમ શરીર વોસિરાવીને ॥ કાલંઅણવકંખમાણે વિહરંતિ ॥ એહવી સદહણા પરૂપણાએકરી અણસણનો અવસર આવે અણસણ કરૂં તિવારે ફરસનાએ કરી શુદ્ધ હોજો ॥ એહવા અપછિમમારણંતિય સંલેહણા ॥ ઝુસણા ॥ આરાહણાના પંચઅઇયારા જાણિયવ્વા ॥ ન સમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આલોઉં ॥ ઇહલોગાસંસપ્પઉગે ॥ પરલોગાસંસપ્પઉગે ॥ જીવિયાસંસપ્પઉગે ॥ મરણાસંસપ્પઉગે ॥ કામભોગાસંસપ્પઉગે ॥ તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૧૮ ॥

એમ સમક્તિપૂર્વક બારવ્રત સંલેહણાસહિત નવાણુઅતિચાર એહનેવિષે કોઇ અતિક્રમ વ્યતિક્રમ, અતિચાર, અણાચાર, જાણતા, અજાણતાં, મન, વચન કાયાએ કરી સેવ્યા હોય, સેવરાવ્યા હોય, સેવતા પ્રત્યે અનુમોદ્યા હોય તો અંનતસિદ્ધ કેવળીની સાક્ષીએ તસ્સમિછ્છામિદુક્કડં ॥

पाठ १९ मो अढार पापस्थानकनो.

અઢાર પાપસ્થાનક સંબંધી પાપદોષ લાગ્યા હોય તે આળોઉંછું ૧ પ્રાણાતિપાત, ૨ મૃષાવાદ, ૩ અદત્તાદાન, ૪ મૈથુન ૫ પરિગ્રહ ૬ ક્રોધ, ૭ માન, ૮ માયા, ૯ લોભ, ૧૦ રાગ, ૧૧ દ્વેષ, ૧૨ કલેશ, ૧૩ અભ્યાખ્યાન, ૧૪ પૈશુન્ય, ૧૫ પર-પરિવાદ, ૧૬ રઇઅરઇ, ૧૭ માયામોસો, ૧૮ મિછ્છાદંસણશલ્લ એઅઢાર પાપસ્થાનક સેવ્યા હોય, સેવરાવ્યા હોય, સેવતા પ્રત્યે અનુમોદ્યા હોય તો અનંત સિદ્ધ કેવળીની સાખે તસ્સમિછ્છામિ દુક્કડં ॥ ૧૯ ॥

पाठ २० मो पचीश प्रकारनां मिथ्यात्वना.

પચીસ પ્રકારનું મિથ્યાત્વ લાગ્યું હોય તે આળોઉંછું. ૧ અભિગ્રહિક મિથ્યાત્વ, ૨ અનાભિગ્રહિક મિથ્યાત્વ, ૩ અભિ-નિવેશિક મિથ્યાત્વ, ૪ સાંશયિક મિથ્યાત્વ, ૫ અણાભોગ મિથ્યાત્વ, ૬ લૌકિક મિથ્યાત્વ, ૭ લોકોત્તર મિથ્યાત્વ, ૮ કુપ્રા-

વચન મિથ્યાત્વ, ૯ જિન માર્ગથી ઓછું પરૂપે તે મિથ્યાત્વ, ૧૦ જિન માર્ગથી અધિક પરૂપે તે મિથ્યાત્વ, ૧૧ જિન-માર્ગથી વિપરીત પરૂપે તે મિથ્યાત્વ, ૧૨ ધર્મને અધર્મ કહે તે મિથ્યાત્વ, ૧૩ અધર્મને ધર્મ કહે તે મિથ્યાત્વ, ૧૪ જીવને અજીવ કહે તે મિથ્યાત્વ, ૧૫ અજીવને જીવ કહે તે મિથ્યાત્વ, ૧૬ જિનમાર્ગને અન્યમાર્ગ કહે તે મિથ્યાત્વ, ૧૭ અન્ય માર્ગને જિનમાર્ગ કહે તે મિથ્યાત્વ ૧૮ સાધુને કુસાધુ કહે તે મિથ્યાત્વ, ૧૯ કુસાધુને સાધુ કહે તે મિથ્યાત્વ, ૨૦ આઠ કર્મથી મુકાણા તેને નથી મુકાણા કહે તે મિથ્યાત્વ, ૨૧ આઠ કર્મથી નથી મુકાણા તેને મુકાણા કહે તે મિથ્યાત્વ, ૨૨ અવિનય મિથ્યાત્વ, ૨૩ અક્રિયા મિથ્યાત્વ, ૨૪ અજ્ઞાન મિથ્યાત્વ, ૨૫ આશાતનામિથ્યાત્વ. એ પચીશ પ્રકારનું મિથ્યાત્વ સેવ્યું હોય, સેવરાવ્યું હોય, સેવતા પ્રત્યે અનુમોદન આપ્યું હોય તો તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૨૦ ॥

पाठ २१ मो चौदस्थानकना समुर्छिम मनुष्यनो.

ચઉદ પ્રકારનાં સમુર્છિમમનુષ્ય સંબંધી પાપ લાગ્યું હોય તે આળોઉ છું. ૧ ઉચ્ચારેસુવા, ૨ પાસવણેસુવા, ૩ ખેળેસુવા, ૪ સંઘાણેસુવા, ૫ વંતેસુવા, ૬ પિત્તેસુવા, ૭ પુએસુવા, ૮ સોણિએસુવા, ૯ સુક્કેસુવા, ૧૦ સુક્કપોગળપરિસાડિએસુવા, ૧૧ વિગયજીવકલેવરેસુવા, ૧૨ ઇથ્થીપુરિસસંજોગેસુવા, ૧૩ નગર-નિધમણેસુવા, ૧૪ સવ્વેસુચેવઅસુઇઠાણેસુવા—એ ચૌદ

પ્રકારનાં સમુર્છિમ મનુષ્ય સંબંધી પાપ લાગ્યું હોયતો તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૨૧ ॥

(અહિંઆ "ઇચ્છામિ આળોઉં જોમેદેવસિઓ ॥ અઇ-યારોકઓ" થી "જંવિરાહિયં તસ્સમિચ્છામિદુક્કડં" સુધી બોલવું. પછી "નમોક્કાર"નો પાઠ બોલવો, ને પછી "કરેમિભંતે સામાઇયં" થી "અપ્પાણં વોસિરામિ" સુધીનો પાઠ બોલવો.)

पाठ २२ मो चत्तारि–मंगलंनो.

(આ પાઠ કહેતી વખતે જમણો ઢીંચણ ઉભો રાખી ડાબો ઢીંચણ ધરતી થાપી બે હાથ જોડી પગે લાગી કહેવો.)

ચત્તારિ મંગલં ॥ અરિહંતા મંગલં ॥ સિદ્ધા મંગલં ॥ સાહુ મંગલં ॥ કવલી પન્નતો ધમ્મો મંગલં ॥ ચત્તારિ લોગુત્તમા ॥ અરિહંતા લોગુત્તમા ॥ સિદ્ધા લોગુત્તમા ॥ સાહુ લોગુત્તમા ॥ કેવલી પન્નતો ધમ્મો લોગુત્તમા ॥ ચત્તારિ સરણં પવ્વજ્જામિ ॥ અરિહંતા સરણં પવ્વજામિ ॥ સિદ્ધા સરણં પવ્વજ્જામિ ॥ સાહુ સરણં પવ્જ્જામિ ॥ કેવળી પન્નત્તો ધમ્મો સરણં પવ્વજ્જામિ ॥ ચાર શરણા કરે જેહ ॥ ભવસાગરમાં ન બુડે તેહ ॥ સકળ કર્મનો આણે અંત ॥ મોક્ષતણાં સુખ લહે અનંત ॥ ભાવ ધરીને જે ગુણ ગાય ॥ તે જીવ તરીને મુગતે જાય ॥ સંસાર માંહિ શરણાં ચાર ॥ અવર શરણ નહિ કોય ॥ જે નરનારી આદરે તેને ॥ અક્ષય અવિચળ પદ હોય. ॥ અંગુઠે અમૃત વસે ॥ લબ્ધિ તણા ભંડાર ॥ ગુરૂ ગૌતમને સમરીએ તો ॥ મનવંછિત ફળદાતાર. ॥ ૨૨ ॥

(અહિંઆ "ઇચ્છામિ પડિક્કમિઉં જોમે દિવસિઓ અ-ઇયારોકઓ" થી "તસ્સમિચ્છામિદુક્કડં" સુધીનો પાઠ ક-

હીને " ઇરિયાવહિયા " નો પાઠ કહેવો. પછી ઉભા થઇ વિનયે " સમણસૂત્ર " ની આજ્ઞા માંગવી.)

पाठ २३ मो पहेलुं समणसूत्र निद्राना दोष निवारनो. *

ઇચ્છામિ પડિક્કમિઉં ॥ પગામસિજ્જાએ ॥ નિગામસિજ્જાએ ॥ સંથારાઉવટ્ટણાએ ॥ પરિયટ્ટણાએ ॥ આઉંટ્ટણાએ ॥ પસારણાએ ॥ છપ્પઇસંઘટ્ટણાએ ॥ કુઇએ ॥ કક્કરાઇએ ॥ છીએ ॥ જંભાઇએ ॥ આમોસે ॥ સસરખામોસે ॥ આઉલમાઉલાએ ॥ સુવણવત્તિયાએ ॥ ઇથ્થીવિપરિયાસિયાએ ॥ દિઠ્ઠિવિપરીયાસિયાએ ॥ મણવિપરિયાસિયાએ ॥ પાણભોયણવિપરીયાસિયાએ ॥ જોમેદિવસિઓ અઇયારોકઓ ॥ તસ્સમિચ્છામિદુક્કડં. ॥ ૨૩ ॥

पाठ २४ मो बीजुं समणसूत्र गोचरीना दोष निवारवानो. *

શ્રીમર્હંનમિઊણપાશકલિતં ત્રૈલોક્યવશ્યાવહમ્ ॥
દ્વેધાભૂતવિષાપહં વિષહરં શ્રેયઃપ્રભાવાશ્રયં ।
સોલ્લાસં વસહાંકિતં જિનપુલ્લિઙ્ગા-નન્દદં દેહિનામ્ ॥ ૭ ॥
હ્રીંશ્રીંકારવરં નમોક્ષરપરં ધ્યાયન્તિ યે યોગિનો-
હૃત્પદ્મે વિનિવેશ્ય પાર્શ્વમધિપં ચિન્તામણિસંજ્ઞકમ્ ॥
ભાલે વામભુજે ચ નાભિકરયોર્ભૂયો ભુજે દક્ષિણે ।
પશ્ચાદષ્ટદલેષુ તે શિવપદં દ્વિત્રૈર્ભવૈર્યાન્ત્યહો ॥ ૮ ॥
નો રોગા નૈવ શોકો ન કલહકલના નારિમારિપ્રચારો-
નૈવાધિર્નાસમાધિર્નચ દરદુરિતે દુષ્ટદારિદ્રતા નો ॥
નો શાકિન્યો ગ્રહાનો ન હરિકરિગણા વ્યાલવૈતાલજાલા-
જાયન્તે પાર્શ્વચિન્તામણિનતિવશતઃ પ્રાણિનાં ભક્તિભાજામ્ ॥૯॥
ગીર્વાણદ્રુમધેનુકુમ્ભમણયસ્તસ્યાઙ્ગણે રઙ્ગિણો-

દેવા દાનવમાનવાઃ મવિનયં તસ્મૈ હિતધ્યાયિનઃ ॥
લક્ષ્મીસ્તસ્ય વશા વશેન ગુણિનાં બ્રહ્માણ્ડસંસ્થાયિની ।
શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથમનિશં સંસ્તૌતિ યો ધ્યાયતે ॥૧૦॥
ઇતિ જિનપતિપાર્શ્વઃ પાર્શ્વપાર્શ્વાખ્યયક્ષઃ
પ્રદલિતદુરિતૌઘઃ પ્રીણિતપ્રાણિસાર્થઃ ।
ત્રિભુવનજનવાંચ્છાદાનચિન્તામણિકઃ ।
શિવપદતરુબીજં બોધિબીજં દદાતુ ॥ ૧ ॥

॥ ઇતિશ્રી ચિન્તામણિપાર્શ્વનાથ સ્તોત્રં સમાપ્તમ્ ॥

અથ શ્રી ચોવીશ તીર્થંકરનું સ્તોત્રં.

આદૌ નેમિં જિનં નૌમિ, સંભવં સુવિધિં તથા,
ધર્મનાથં મહાદેવં, શાંતિં શાંતિકરં સદા. ૧
ગનંતં સુવ્રતં ભકત્યા, નામિનાથં જિનોત્તમં,
અજિતં જિતકંદર્પં, ચંદ્રં ચંદ્રસમપ્રભં. ૨
આદિનાથં તથાદેવં, સુપાર્શ્વં વિમલં જિનં,
મલ્લિનાથં ગુણોપેતં, ધનુષાં પંચવિંશતિં. ૩
અરનાથં મહાવીરં, સુમતિં ચ જગદ્ગુરું,
શ્રીપદ્મપ્રભનામાનં, વાસુપૂજ્યં સુરૈર્નતં. ૪
શીતલં શીતલં લોકે, શ્રેયાંશં શ્રેયસે સદા,
કુંથુનાથં ચ વામેયં, વિશ્વાભિનંદનં વિભું. ૫
જિનાનાં નામભિર્બદ્ધઃ પંચષષ્ઠિસમુદ્ભવઃ
યંત્રોયં રાજતે યત્ર, તત્ર સૌખ્યં નિરંતરં. ૬

યસ્મિન્ ગૃહે મહાભક્ત્યા, યંત્રોયં પૂજયતે બુધૈઃ
ભૂતપ્રેતપિશાચાદે ર્ભયં તત્ર ન વિદ્યતે. ૭

સકલગુણનિધાનં યંત્રમેનં વિશુદ્ધં,
હૃદયકમલકોષે ધીમતાં ધ્યેયરૂપં.
જયતિલકગુરોઃ શ્રી સૂરિરાજસ્ય શિષ્યો.
વદતિ સુખ નિધાનં, મોક્ષ લક્ષ્મી નિવાસં. ૮

અથ શ્રીસોલ સતીનું ચમત્કારી સ્તોત્રં.

આદૌ સતી સુભદ્રા ચ, પાતુ પશ્ચાત્તુ સુંદરી,
તતશ્ચંદનબાલા ચ, સુલસા ચ મૃગાવતી. ૧

રાજિમતિ તતશ્ચૂલા, દમયંતી તતઃ પરં,
પદ્માવતી શીવા સીતા, બ્રાહ્મી પુનશ્ચ દ્રૌપદી. ૨

કૌશલ્યા ચ તતઃ કુંતા, પ્રભાવતી સતીવરા,
સતીનાંનામયંત્રોયં, ચતુસ્ત્રિંશત્સમુદ્ભવઃ ૩

યસ્ય પાર્શ્વે સદાયંત્રો, વર્તતે તસ્ય સાંપ્રતં,
ભૂરિ નિદ્રા નચાયાતિ, નયાંતિ પ્રેતભૂતકાઃ ૪

ધ્વજાયાં નૃપતે ર્યસ્ય, યંત્રોયં વર્તતે સદા,
તસ્ય શત્રુભયંનાસ્તિ, સંગ્રામે સ્ય જયઃ સદા. ૫

ગૃહદ્વારે સદાયસ્ય, યંત્રોયં ક્રિયતે વરઃ
કાર્મણાદિકમંત્રસ્ય, નસ્યાત્તસ્ય પરાભવઃ ૬

સ્તોત્રં સતીનાં સુગુરૂ પ્રસાદાત્
કૃતં મયોદ્યોત મૃગાધિપેન
યઃ સ્તોત્ર મેતત્પઠતિ પ્રભાતે
સ પ્રાપ્યતે શં સતતં મનુષ્ય. ૭

વ્યાખ્યાન વખતે બોલાતી મહાવીર પ્રભુની સ્તુતિ.

હવે ઇહાં કણે કોંણજે જાણવા, શ્રમણ શ્રી શ્રી ભગવંત શ્રી શ્રી મહાવીર દેવ, દેવાધિદેવ, પર્મતારૂ, પર્મવારૂ, દયાનિધિ, કુરૂણાગરસાગર, ભાનુભાસ્કર, જીવદયાપ્રતિપાલ, કર્મશત્રુનાકાલ, મહામાહણ, મહાગોવાલ, પર્મનિર્યામિક, પરમવૈદ્ય, પર્મગારૂડિ, પર્મસનાતન, અનાથનાનાથ, અશર્ણનાશર્ણ, અબંધવનાબંધવ, ભાગાનાભેરૂ, સતઉદ્ધારણ, શિવસુખકારણ, રાજયરાજયેશ્વરપુરૂષ, હંશપુરૂષ, સુપાત્રપુરૂષ, નિર્મલપુરૂષ, નિ.કલંકિ પુરૂષ, નિર્મોહિપુરૂષ નિર્વિકારીપુરૂષ, ઇચ્છાનિરોધતપસ્વી, ચોત્રિશઅતિશયયેકરી બિરાજમાન, પાંત્રીશપ્રકારનિ સત્યવચન વાણિગુણેકરી સહિત, એકહજાર અષ્ટ ઉત્તમ લક્ષણના ધરણહાર, શ્રી શ્રી સિદ્ધાર્થનંદન, ત્રિહુંજગવંદન, અધમલમંજન, ભવભય ભંજન, અરિદલગંજન, પાપદુઃખનિઃકંદન, ક્ષમાદયાયેકરી શીતળચંદન, દીનદયાળ, પર્મમયાલ, પરમકૃપાળ, પરમપવિત્ર, પરમસર્જન, પરમમિત્ર, પરમવાલેશ્વરી, પરમહિતવંચ્છક, પરમઆધાર, જહાજસફરીસમાન, જગતત્રાતા, જગતમાતા, જગતભ્રાતા, જગતજીવન, જગતમોહન, જગતસોહન, જગતપાવન, જગતભાવન, જગતઇશ્વર, જગતવીર,

જગતધીર, જગતગંભીર, જગતપ્રષ્ટ જગતમીષ્ટ, જગતસીષ્ટ, જગતમિત્ર, જગતવિભુ, જગતપ્રભુ, જગતમુકુટ, જગતપ્રગટ, જગતનંદન જગતવંદન, ચક્રિદરાજ લોકને વિષે ચુડામણી મુકુટસમાન, ભવ્યજીવનાહૃદયના નવશરહાર, શિયલપુંજ, જગત શિરોમણી, ત્રિભૂવનતિલક, સમવસરણનાસાહેબ, સરસ્વતીનાતુરંગ,ગણધરનાગુરૂરાજ, છકાયનાછત્ર, ગરિબનાંનિવાજણહાર, મોહનાધરંદ્ર, વાણીનાપદ્મસરોવર, સાધુનાંસેહરા,લોકના અગ્રેશ્વર,અલોકનાંસાધણહાર, વ્રાસિતનાશરણાગત, મોક્ષનાદાનેશ્વરી, ભવ્યજીવનાલોચન, સંતાપનામેરૂ, સુજસનાકમલ, સુખનાસમુદ્ર, ગુનુનાહંસ, શબ્દનાકેશરી, જમનાજિતણહાર, કાલનાભક્ષણહાર, મનનાઅંકુશ, મનુજનાકલ્પવૃક્ષ, સમદ્રષ્ટિનામાતપિતા,ચતુર્વિધ સંઘનાગોવાલ, ધરતિનાઇંદ્રરાજ,આકાશનાસ્થંભ, મુક્તિના વરરાજા,કેવલનાદેણહાર, ચોસઠઇંદ્રનાવંદનિક, પૂજનિક, અર્ચનિક, સ્મરણનિક, એવાદીનોદ્ધાર, દીનબંધુ, દીનઆધાર, સબદેવનકાદેવ, સર્વમુનિનાંનાથ, સર્વયોગિનાઠાકુરપુરૂષ,તરણતારણ દુઃખનિવારણ, અધમઓદ્ધારણ, ભવદુઃખભંજન, સમતાનાસિંધુ, દયાનાસાગર, ગુણનાઆગર, ચિંતામણીરત્નસમાન, પાર્શ્વમણિસમાન, કામદુઘાધેનુસમાન, ચિત્રાવેલસમાન, મોહનવેલસમાન, અમૃતરસકુંભસમાન, સુખનાકરણહાર, દુઃખનાહરણહાર, પાપપડલતિમિરનાટાલણહાર, ચંદ્રમાનિપરેશિતળદસાનાંધણી, સૂર્યનિપરેઉદ્યોતનાકરણહાર, સમુદ્રનિપરેગંભીર, મેરૂનિપરેઅડોલ, વાયુનિપરેઅપ્રતિબંધવિહારી, ગગનનિપરેનિરાલંબી, મારવાડીવૃષભધોરીસમાન, શ્રીઆસુકેસરીસિંહસમાન, એવાલોકોત્તરપુરૂષ, અભયદાતા, ચક્ષુદાતા, માર્ગદાતા, એહવા ધર્મજિણેશ્વરજગધણી, જિનશાસનાશણગાર, ભાવધરિનેસમરતા, પામિજેભવપાર !

એવા તત્વાનંદી, તત્વવિશરામિ, અનંતગુણનાધણી, અલક્ષગુણના-ધણી, અનંતબલનાધણી, અનંતરૂપનાધણી, અનંતતેજનાધણી, અનંત-અવ્યાબાધઆત્મિક સુખનાધરણહાર, સફલનામને સફલગોત્રનાંધર-ણહાર, મહણોમહણો શબ્દના પ્રકાશણહાર, અહોભવ્યજીવો, જો કોઇ જીવનેહણસોતો હણાવવા પડસે, છેદસોનો છેદાવવા પડશે, ભેદસોતો ભેદાવવા પડશે, કર્મ બાંધસોતો ભોગવવા પડશે, એહવા મહણોમહણો શબ્દના પ્રકાશનાકરણાર, સમણેભગવંમહાવીરે, ઉપન્ન-નાણદંસણધરે, અર્હાજિણકેવલી, અપરિસાવિકેતા અનાશ્રવિપુરૂષ, તે પ્રભુજીના ગુણ કહ્યામાંનાવે, મવ્યામાંનાવે વર્ણવ્યામાંનાવે એહવા-અકલસ્વરૂપી અગિગત સ્વરૂપી, જિનેશ્વરદેવ, તે પ્રભુએ સાડા-બાર વર્ષને પંદર દિવસ સુધિ, મહા મહેનતો કરી, કર્મને ટાલી કર્મનેગાલી, કર્મપ્રજાલી, કર્મને દુર છડી, કમના દેણા દઈ કરી, કર્મથિનિઃકરજા થઇ કરી, કેવળશ્રીવરી, આત્મદશા પ્રકટ કરી, જીનેશ્વરદેવ, વીતરાગદેવ, મોક્ષનગરે પધાર્યા.

પણ જગતવાસી જંતુજીવને, ઉપકાર નિમિત્તે, શાતાનિમિત્ત કલ્યાણ કરવા નિમિત્ત, ભવ્યજીવના દુઃખમટાડવાવાસ્તે, ચારગતિ, ચોવિશદંડક, ચોરાશી લક્ષ જીવાયોનિને વિષે, એકક્રોડાક્રોડ સાડિસ-તાણુલાખ ક્રોડકુલનેવિષે, જીવઅટ્ન પરિભ્રમણ કરે છે. સંયોગીશા-રીરી માનસીકવેદનાઓસહનકરેછે, તે મટાડવા માટે, પરમેશ્વરદેવે, સિદ્ધાંતરૂપ વાણીલાણી ભાવભેદ વૃત્તાંત વિસ્તારપણે વર્ણવ્યા.

લીમ્બડી સંપ્રદાયના પરમ તપસ્વી શ્રી લખાજી સ્વામિના ચાબખા.

ગણધર ગૌતમને પાયે લાગુ, જેની લબ્ધિ બુદ્ધિ ઘણી સારી.
ગુણગાઉં લખાજીતણા, તમો સાંભળજો નરનારી.
લખોજી કચ્છદેશનાં વેપારી, હું તો જાઉં એમની બલિહારી. ૧
ગામ બેલામાં જન્મ ધર્યો ત્યાં સામબાઇ માત તમારી.
દેશાઇ હરજીવન તાત તુમારા, નીતિરીતિ સદા ચારી. લ. ૨
શોલ વર્ષના જબ થયાતબ, વાધી ઘણી સુંદરતાઇ.
ભણીગણીને લાયક હુવાતવ મનમાં હરખી માઇ. લ. ૩
શહેર લીમ્બડી મધ્યે આવી રહ્યા તિહાં, મુનિ મળ્યા મહા ભાગી.
ભાણજી સ્વામી પાસે દિક્ષા લીધી તબ પૂર્ણ કમાણી જાગી. લ. ૪
આહાર પાણી મુનિ લુખા લેવે, તેમા લેપ નહિરે લિગારી.
પોથી પાનાની મમતા નહિ જેણે, મોહની કર્મ નાખ્યું મારી. લ. ૫
ત્રણ દ્રવ્ય રાખ્યા મોકળા તેમા, બે વાવરે મહા મુની.
તપસ્યા આતાપના કરે બહુ જિહાં, તાતી વેલુ ઘણી ઉંની. લ. ૬
સાત વર્ષ સંયમ પાળીઆને, ધોરાજી છેહેલો ચોમાસી.
બે સાધુએ તિહાં કાલ કર્યો પછે, ગુરૂ થયા ઉદાસી. લ. ૭
અસ્થિર આયુષ તિહાં ઠણે જાણ્યું, હવે ન રહેવું બેસી.
સંથારો કરી પંડિત મરણે, શિવરમણી વરૂં ઉલ્હસી. લ. ૮
ખમતખામણા ગામો ગામ કરતા, આવ્યાપુર લીમ્બડી મોઝારી.
સવા હરખા કહે ગુરૂ પ્રતાપે, નિત્ય નિત્ય વંદના હમારી. લ. ૯

ઇતિ પ્રથમ ચાઅખો.

અથ શ્રી બીજો ચાબખો.

હાથ જોડી લખોજી ઉભા થયા, મુને સંથારો અદરાવો.
આજ કાલ કરતાદિન ગયા, હુવે મુંને સ્યેમાં લલચાવ્રો.
લખોજી લઈ ગયા લ્હાવોરે, જેને અમરા પુરીમાં જાવો. ૧..
ઘોરાજી સંથારો કરવો હતો મુને, તિહાં કણે તુમેં અટકાવ્યો.
જોરે સંથારો કરવો હોયતો, શહેર લીમ્બડીમાં આવો. લ. ૨.
અતિ હર્ષ ભરી ઇહાં કણેઆવ્યો, તોપણ વાયદો ઠેરાવ્યો.
ચારતીરથ ભેલા થઇને, વસન્ત પુનમ સુધિ રખાવ્યો. લ. ૩.
મહેર કરી ગુરૂ રાય પ્રીતેથિ, મુને દુષણ અલવાવો.
દાવાનલ આ લાગી રહ્યો એમાં, મુંને સ્યેમાં મુરછાવો. લ. ૪.
સંસાર જેણે ખારો કરી જાણ્યો, મન મોક્ષમાંહિ લગાવ્યો.
ધન્ય માતા તારી કુંખને જેણે, એહવો રત્ન નિપાવ્યો. લ. ૫.
ચોથા આરાનો નમુનો મુની, પાંચમે આરે આવ્યો.
ઇન્દ્ર ચંદ્રથી ચલે નહિ, જિન માર્ગ ઘણો મલાવ્યો. લ. ૬.
બાલે વેષે મુનિ બળિઓ થઇને, ભેખ ભલોરે ભજાવ્યો.
આગલથી કાયા શોષન કરી જેણે, મોક્ષમાં વહેલો જાવો. લ. ૭.
સમતાના દરીયા દેવજી સ્વામિ, સંથારો અદરાવ્યો.
સવાહરખા કહે ગુરૂ પ્રતાપે, અતિ ઘણો અલવાવ્યો. લ. ૮

ઇતિ બીજો ચાબખો.

અથ શ્રી ત્રીજો ચાબખો.

સર્વને ખમત ખામણા ખમાવે, પાયે મસતક ધરી.
અપરાધ ખમજો માહેરો, રાંક દાવે કહે કરગરી.
લખોજી સુતા સંથારો કરીરે, આહાર પાણી મેલ્યા પરહરી. ૧.

નમણુ ખમણુ તિહાં કરે ઘણી, દોય ગુડા ઢીંચણુ ઢાલી.
કાયા વોસિરાવી અણુસણુ કર્યો એણે, જીવિતવ્યની ઇચ્છાટાળી. લ. ૨

એવંતિ અઈમુત્તા તણી વાતો, એતો ચોથે આરે કહી.
એથી પરીસહો અધિકો ખમે જો, આવી પડે તો સહી. લ. ૩.

મન અચલ જેનું મેરૂ સમોને, કર્મ ભુકો કર્યો ભાંગી.
દેવ દાનવથી ચલે નહિ જેના, મનમાં મોક્ષ લય લાગી. લ. ૪.

ડોલાવ્યા કોઇના ડોલે નહિં, સુત જાયો તે માત અધિકારી.
સવા નવ મહિના સફલ થયા, કુંખ સોભાવી અતિ સારી. લ. ૫.

હાડવજા જેનાં ઋષભ સમાનેં, વજા પાટી ખોલી સારી.
પિસ્તાલીશ ઉપવાસે દેશનાદિધી, એતો સાધુમાં અધિકારી. લ. ૬.

સ્થીર કરી એતો બેઠા નથી, આવીઅવની મોઝારી.
મનથયું તત્પર મુનિનું, એતો ચાલવા મોક્ષ દુવારી. લ. ૭.

સુરતા જેની સિદ્ધ સાહમી છે, વાણી વદે મધુરી.
સવાહરખા કહે ગુરૂ પ્રતાપે, મેં દાસ ગુરૂનાં હજુરી. લ. ૮.

ઇતિ ત્રીજો ચાળખો.

અથ શ્રી ચોથો ચાળખો.

હસી રમીને કર્મ ખપાવ્યા, મુખ નવિ દિઠા અનૂરો.
ભર જોબનમાં કર્યો સંથારો, એતો ખેલ ખેલ્યો છે શૂરો.
લખોજી નર નહિ અધૂરોરે, પરાક્રમ ગુણે કરી પૂરો ૧.
આંખો ઉંડી ગઇ તારા તગતગે, નહી લોહી માંસ રહ્યો દેહે.
શુભ પરિણામે ખીલ્યા સાધુજી, જેમ ખીલે વનસ્પતિ મેહેં. લ. ૨
અંગમાંહી ઉમંગ ઘણોછે, મલવા પ્રભુ હજુરો.
સાઠ ઉપવાસે સાતા પુછી ત્યારે, ગુરૂ કહે સુખ પૂરો. લ. ૩.
સંવત અઢારસેં અઠયાસીએ, વૈસાખ માસ અધૂરો.
વદ પાંચમ રવિવારે સિધો, પાસઠદિને સંથારો પૂરો. લ. ૪.
કાયર પુરુષનું કામ નહિ એતો, કેશરી સિંહ સાદુરો.
ધણીનો માલ ધણીને દીયો, સત્યવાદી સાધુજી પુરો. લ. ૫.
હજી સુધી હાજી હાજી કરોછો, અંતર જ્ઞાન અધૂરો.
જિનમાર્ગની પરિક્ષા કરી તુમેં, કાંઇ મમતાને ચૂરો. લ. ૬.
પરને દેશના દેતો ફિરે પણ, પોતે આક ધતુરો.
કેવલી પાસે રહિ ગયો કોરો, મતિમાનજો કોઇ બૂરો. લ. ૭.
ગુણી પુરૂષના ગુણ સુણી તુંમે, કર્મ કરો ચકચૂરો.
સવાહરખા કહે ગુરૂ પ્રતાપે, ચોથો ચાળખો પૂરો. લ. ૮.

ઇતિ ચોથો ચાબખો.

અથ શ્રી પાંચમો ચાબખો.

કરણી કિધી લખેજીયે રૂડી, તે સર્વે નજરેભાલી.
કાંમાનખો ગુમાવો માનવી તમેં, ત્રોડિદ્યો મોહ જાલી.
લખેજીએ જીવદયાપાલીરે નાખ્યા કર્મનાં બીજ બાલી. ૧.

અહંકાર અભિમાન મુકિદિયોને, માયાને નાખો ગાલી.
ધર્મ ઉપર તુમેં ધ્યાનજ રાખો, પાપને નાખો ટાલી. લ. ૨.

પરદારાનીપ્રીતિ કરીને, હસિલિયોછો તાલી
પરમધામીને હાથ પડસો ત્યારે, દેશે ઢીચણ ઢાલી. લ. ૩.

કરજોડી કરગરી કહું છું તુમેં, મુકો માયા મછરાલી.
નર્ક નિગોદ્દેરડવડયા નર, નાખ્યા કઇ ઉછાલી. લ. ૪.

કુટુંબ કબિલો કામ નહિ આવે, નહિ ચાલે ત્રિયા સાથ તારી
અંતસમે અણુસણુ વિના તારી, નથી થવી છુટકબારી. લ. ૫.

નરનારી તુમે ગુણુજ ગાવો, લખોજી મહા ભાગ્યશાલી.
નિત્ય ઉઠી તમે જાપજપો, હાથ લઇ નવકર વાળી. લ. ૬.

સહેર સાયલામાં વાસો વસું, મારા ઘર પાસે ચિત્રશાલી.
રાણો વખતસિંઘ રાજકરે, જેણે પ્રજાને પ્રિતે પાલી. લ. ૭.

સંવત અઢારને અઠયાસીઆનોઆસો, જોડી દીન દીવાળી.
સવાહરખા કહે ગુરૂ પ્રતાપે, ગાથા સર્વ એકતાલી. લ. ૮.

ઇતિ પાંચમો આખખો.

લીમ્બડા સંપ્રદાયના તપસ્વિની મહાસતી શ્રી મૂળી-બાઇ સ્વામીના કવિતા રૂપ માસ.

હું તો નમું સિદ્ધ ભગવંત, મુકી આમલો રે.
ગુણ ગાઉં સતી મૂલીબાઇ, સહુકો સાંભળો રે.
સતી શ્રાવણ સુંદર માસ કે, શહેર વખાણું રે.
જેનિ શાંખ સિદ્ધાંત મોઝાર, વઢવાણ જાણું રે. ૧.

તિહાં ક્રિડા કરે નર નારી, બેઠા ગોખ જાલી રે.
તેમાં રહે રતનસી વણિક, દશો શિરમાલી રે.
તસ્સ ઘરણી અમૃતબાઇ નાર, મધુરૂં બોલે રે.
તસ્સ કુંખે ઉપના મૂલીબાઇ, નહિ તસ્સ તોલે રે. ૨.

અમૃતબાઇસુતા સોય, સુંદરી સારી રે.
જેના રૂપ તણો નહિ પાર, સુર અવતારી રે.
માત પીતા તણું વચન, મૂલીબાઇ ન લોપે રે.
પિતાને પ્રાણ આધાર, કદિ નવિ કોપે રે. ૩.

બાલ પણા માંહી બાઇ, કુચાલ ન ચાલી રે.
માતાને તરૂણી વયે, તનયા બહુ વાલી રે.
પૂર્વ પુણ્ય તણે પસાય, પામી ધર્મ વહેલો રે.
ભણે હરખા સુત સવરાજ, માસ એ પહેલો રે. ૪.

ઇતિ પ્રથમ માસઃ ॥૧॥

અથ બીજો માસ

સતી ભાદ્રવે ભરપુર, જોબન જબ આયો રે.
કોઠારી નાનજી ઘેર, સગપણ કરાયો રે.
પરણી આવ્યા પતિને ઘેર, કરે બહુ ભકિત રે.
જેને મન વસિયો વૈરાગ, દગાવિ ન દગતિ રે. ૫.

જેને રંગ ભોગની વાત, મન નથી ગમતિ રે.
એ તો કરે આયંબિલ તપ, આતમ બહુ દમતિ રે.
નારી પાલે નિરમલુ શીલ, કર્મ બહુ કાપે રે.
સાધુ સાધ્વીને સુઝતા આહાર, મૂલીબાઇ આપે રે. ૬.

વસ્ત્ર પાત્ર પોખે અપાર, પાલે ધર્મ ગાઢો રે.
જેમ વર્ષે મૂસલધાર, મેઘ આસાઢો રે.
ખોડા ઢોરને ખવરાવે ખાણુ, અજા બહુ ઉગારે રે.
રાંકાઢીકાને દિએ ઘણા ગરથ, દુઃખ નિવારે રે. ૭.

ગરથ તણા ભર્યા ભંડાર, દાન બહુ દિધો રે.
આલ્યામાં ન રાખી ઓછ, મનુષ્ય લાહો લીધો રે.
ઓર માઇયા ઉપર આંખ, ખુણો નવિ ભીજયો રે.
ભણે હરખા સુત સવરાજ, માસ એ બીજો રે. ૮.

ઇતિ દ્વીતિય માસ ॥ ૨ ॥

અથ ત્રીજો માસ.

આશોએ આશા ત્રોડી, સંસારની સર્વે રે.
મૂલીબાઇ કરે મન વિચાર, કર્મ કુંણ કરે રે.
આતો ચાર દિવસની ચાંદરડી, બાજીગરની બાજી રે.
સંસારના ખોટા ખેલ, થાવું સું રાજી રે. ૯.

સગા સાગવી સહુ કોઇ, છે સુખના બેલી રે.
અંત સમે આપણું નહિ કોઇ, જાવું છે મેલી રે.
હવે બલતા માહીથી કાઢું, જે દઉં મારે હાથે રે.
તે મારૂં નિરધાર, આવે મારે સાથે રે. ૧૦

મોહ મમતા મૂલીબાઇ, ન રાખે લિગાર રે.
ધર્મ વેરે વાવર્યું ધન, ગરથ ભંડાર રે.
તૃપતા કર્યા ઘણા જીવ, સાતા ઉપજાવે રે.
સાધર્મીસું ઘણો સનેહ, ધર્મ ગુણ ભાવે રે. ૧૧

કંગાલ તણો તે જાણો, મૂલીબાઇ માલવો રે.
લુલા અપંગ જે જીવ, તેને પાલવો રે.
ઉપાશ્રયે આવે આઠે પોર, સેવે સતી ચરણ રે.
ભણે હરખા સુત સવરાજ, માસ એ તરણ રે. ૧૨

ઇતિ તૃતીય માસ ॥ ૩ ॥

અથ ચોથો માસ.

સતી આવ્યો કાર્તિક માસ, જે કરણી માંડી રે.
મૂલીબાઇએ વિષય કષાય, મેલ્યા સર્વે છાંડી રે.
આછો વસ્ત્ર પહેરે નહિ અંગ, શણગાર ન સજે રે.
એક મને અરિહંત દેવ, ધ્યાન ધરી ભજે રે. ૧૩

મુખ વાવરે નહિ મુખવાસ, સોપારી ન ખાવી રે.
જેને ગમે જ્ઞાનની ગોઠ, અંતરમાં ભાવી રે.
કરે નહિ અંજન મંજન, સેથો નવિ પૂરે રે.
ગાણા ગાવે નહિ સરલે સાદ, કંઠ મધુરે રે. ૧૪
વલી વિકથાનીવાત, કહિ નવિ કરે રે.
જેથી લાગે પોતાને પાપ. તેથી બહુ ડરે રે.
દાંત દેખાડી કરે નહિ ગુઝ, હસિ નવિ લિયે તાલીરે.
કહિ કેશતણો અલંકાર, પાટી નવી ઢાલીરે, ૧૫

નારીનીચતણી સંગત, કદી નવિ કરે રે.
જેનાં વચન અમૃત સમાન, દિઠે દિલ ઠરે રે.
આ ચરીત્રતણો લવલેશ, ન જાણું લગાર રે.
ભણે હરખા સુત સવરાજ, માસ એ ચાર રે. ૧૬

ઇતિ ચતુર્થ માસ. ॥ ૪ ॥

અથ પાંચમો માસ.

સતી માગસરે મોહની, મૂલીબાઇયે ઉતારીરે.
અંગિકાર કર્યાં વ્રતબાર, દ્રઢમન ધારીરે.
આર્યાજી આણંદ બાઇ, સતી સુધા વખાણું રે.
સિખવ્યું મૂલીબાઇને સામાયક, પ્રથમ જાણું રે. ૧૭

કરે પોસાને પડિકમણા, દનિયે હોય વેલા રે.
સતીનો કરે ઘણું સંગ, રહે નિત ભેલા રે.
મૂલીબાઇ ન કરે ઘરનું કામ, ધરમે લય લાગીરે.
વિષય કષાયને મોહ, મેલ્યા સર્વે ત્યાગી રે. ૧૮

જેણે જાણ્યો અસ્થિર સંસાર, સુખ જાણ્યા કાચા રે.
ભાગસી સરિખા જાણ્યા ભોગ, મૂલીબાઇયે સાચા રે.
ચિત્ત ચિંતવણી કરેએહ, સંસાર કેદી મેલું રે.
બલતામાંહિથી નિકલી બહાર, સંજમ કેદિ ખેલું રે. ૧૯

ઘેર આવણ જાવણના ફેરા, કદિ હું છંડુ રે.
જો ત્રુટે મોહની તાંત, તો કર્મને ખંડુ રે.
મારે લેવો સંજમભાર, નાવે કેહને આંચ રે,
ભણે હરખા સુત સવરાજ, માસએ પાંચ રે. ૨૦

ઇતિ પંચમ માસઃ ॥ ૫ ॥

અથ છઠો માસ.

સતી પાસે થયા પ્રસિધ્ધ, દિક્ષા વાત કાઢી રે.
મારે લેવો સંજમભાર, માત કરો કોઇ આડી રે.
બોલ્યો ઉરમાયો દિકરો, સુણુ મોરી માઇ રે.
મારી સતીય શિરોમણીમાત, વિજોગ કેમ થાઇ રે. ૨૧

લાડે કોડે રૂડાં પેર, ઉછેર્યા છે અમને રે.
સંસાર તજો સ્યામાટ, નવિ ઘટે તમને રે.
મારી જનની અગજાથી, વધુ તમે રાખ્યારે.
કદિ કડવા કસેલાવેણ, મુને નાવ ભાંખ્યા રે. ૨૨

હાથ જોડીને કરગરે, માનો માહરૂં કહ્યો રે.
તુમે લ્યોછો દિક્ષાનું નામ, નવિ જાય રહ્યો રે.
કેછે પીયરનો પરિવાર, સઉકો કરગરી રે.
આંખે વર્ષે જલધાર, નેતર ભરી ભરી રે. ૨૩

મૂલીબાઇએ સંસારનું દુઃખ, વરણવ્યું વલી રે.
ઉતર્યું સઉને અગોઅંગ, ગયામદગલી રે.
આજ્ઞા લિધી તતકાળ, કરી ઝટપટ રે.
ભણે હરખા સુત સવરાજ, માસએ ખટ રે. ૨૪

ઇતિ ષષ્ઠ માસ ॥ ૬ ॥

અથ સાતમો માસ.

મહા મહીને મૂલીબાઇએ, કરિ છે તઇયારી રે.
સંજમની સામગ્રીસાર, લાગે ઘણી પ્યારી રે.
લિધા પાતરાને પુસ્તક, ખરચ્યા ધન ઘણા રે.
સઊને દિયે ઉલટભાવ, નવિ રાખી મણા રે. ૨૫

આવ્યા શહેર લીમ્બડી મોઝાર, સતી મૂલીબાઇ રે.
કરે દિક્ષાતણો ઓચ્છવ, શેઠ રઘુભાઇ રે.
જૈન મારગ દીપાવ્યો જોર, વલિ ભલી ભાતે રે.
સ્હેર લીમ્બડીના સાહુકાર, વાવરે પુણ્ય ખાતે રે. ૨૬

મૂલીબાઇ થયા ઉજમાલ, હર્ષ નવિ માય રે.
મુને અદરાવો મહાવ્રત, ક્ષિણ લાખેણી જાય રે.
કર જોડીને બોલીબાઇ, કહેછે શિરનામી રે.
રતનબાઈ આપો દિક્ષા, કરી મહેરબાની રે. ૨૭

સિખવે દિક્ષા તણા પાઠ, જે નિત્ય નવા ગ્રંથ રે.
સિખવ્યા જીવા અજીવનાં ભેદ, જાણ્યા સર્વે અર્થ રે.
લક્ષ ચોરાસી જીવા જોનીની, જાણી જાત રે.
ભણે હરખા સુત સવરાજ, માસએ સાત રે. ૨૮

ઇતિ સપ્તમ માસ. ॥ ૭ ॥

અથ આઠમો માસ.

ફાગણે ફેરા મટાડયા, આવાગમણના રે.
મૂલીબાઇયે આદર્યાં મહાવ્રત, રતન ચિંતામણના રે.
સંવત અઢાર વર્ષ પાંસઠે, વસંત માસ રે.
વદ ચોથે લિધી દિક્ષા, રતનબાઈને પાસ રે. ૨૯
કુટુંબ સહુ કળકળે, સાહમું નવિ જોવે રે.
તિહાં પિયરનો પરિવાર, ધ્રુસક રોવે રે.
મૂલીબાઇ કહે તતકાલ, સ્યા માટે રોવો રે.
તુંમે કાચના કટકા માટ, રત્ન સેમાં ખોવો રે. ૩૦
ભમતા ભમતા કાલ અનંત, મનુષ્ય ભવ આવ્યો રે.
કાંઈ આદરો સત્ય શીયલ, લ્યો ધર્મ લાહો રે.
આદરિયા વ્રત પચ્ચખાણ, જેને જેહની શક્તિ રે.
મૂલીબાઈ આવ્યા રત્નબાઇ પાસ, કરે બહુ ભક્તિ રે. ૩૧
સંસાર સમુદ્રમાંહિથી, ગુરૂણીએ મુને તારી રે.
મારી બુડતાનિ જાલી બાંહ, કાઢી મુને બારી રે.
સંયમ ખેલે ખાંડા ધાર, કરે પૂરણ ખાટ. રે
ભણે હરખ સુત સવરાજ, માસ એ આઠ રે. ૩૨

ઇતિ અષ્ટમ માસ. ॥૮॥

—:૦:—

અથ નવમો માસ.

ચૈતરે ચિત્તે જોયું મૂલીબાઇએ, મનમાં વિચારી રે.
આઉખાનો ભરોંસો નાહિ, ઘડી જાયે પ્યારી રે.
આવસે પરદેશી આણા, પાછા નવિ વલે રે.
મુને આવેલો સુંદર જોગ, પછે નહિ મલે રે. ૩૩
જો બાંધુ તપ તલવાર, તો શિવ સુખ મલે રે.
જો કરૂં કરણી અઘોર, તો કર્મજ ટલે રે.
કરે છઠ ને અઠમ તપ, બેસે આસણ વાલી રે.
નિર્દોષણ લાવે આહાર. છન્નૂદોષ ટાલી રે. ૩૪
માસ ખમણ કરે મન ગમતા, કિધા પંદર બહુ વાર રે.
કર્મને દિધા દાવાનલ, બાલિ કિધા અંગાર રે.
વિગય માત્ર નવિ વાવ રે, લુખું લાવે અન્ન રે.
કાયા માની ગાડા રૂપ, જાણી આપે ઉંગણ રે. ૩૫
લીલું વ્યંજન વર્જ્યું જાવજીવ, ચેલી નવિ ખપે રે.
પ્રભુજીનાં ગુણ ગ્રામ, બેઠા નિત્ય જપે રે.
કાચા કુંભ સરિખી જાણી દેહ, ન જુવે સંસાર સામો રે.
સણે હરખા સુત સવરાજ, માસ એ નોમો રે. ૩૬

ઇતિ નવમ માસઃ ॥૯॥

—•◊○◊•—

અથ દશમો માસ.

વૈસાખે વાવરે દ્રવ્ય હોય, ત્રીજો નવિ ખપે રે.
જીનું પહેરે વસ્ત્ર તેમ, લોટ છાસ કલ્પે રે.
ત્રાણું દીન પીધી વલી પ્રાછ, આંખો તગતગે રે.
એ સતીની આગળ કોઇ, બિજી બાઇ ન લગે રે. ૩૭
શેઠ રઘુભાઇએ કરિ વિનતી, સમજાવિ દિધા રે.
ત્યારે બે રોટલીનાં આહાર, ઉપર આકરા તપ કિધા રે.
હાલતા હાડકા ખડખડે, પગ દોરી સમાન રે.
નસા જાલુ નરવિ દેખાય, જિભ્યા સુકું પાન રે. ૩૮
આપ તણા અવગુણ લેવે, પરને શોભા દેતા રે.
હું એક જિભ્યાયે કરી, વર્ણવ કરૂં કેતા રે.
સહુના ઉપર સમતા ભાવ, ન વદે વેણ દુખ હાય રે.
અજવાલ્યું કોઠારીનું કુલ, સતી મુલીબાઇ રે. ૩૯
વચન કથન તણા જે કેણ, ન ધરે કાન રે.
જેણે અડાગ્યું મોક્ષસું મન, કરી એક ધ્યાન રે.
તપ કરી કાયા માંહીથી, કાઢી લિધો કસ રે.
ભણે હરખા સુત સવરાજ, માસ એ દશ રે. ૪૦

ઇતિ દશમ માસ ।। ૧૦ ।।

અથ અગીઆરમો માસ

જેઠે જાણુપણું સતીએ, ઘણું ઘણું આણ્યું રે.
કદી વોસરાવું મારી દેહ, બંને એહવું ટાણું રે.
પછી બાંધી તપની તેગ, અન્ન નવિ ખાવું રે.
આઠને પારણે દશ, એહવું બહુ દિન ચલાવ્યું રે. ૪૧
વલી પરીસહાતણી ચોટ, નિત્ય નવી ખેલે રે.
જો આવે દેવ દાનવ, તેહથી નવિ છલે રે.
શૂરપણે લિધી દિક્ષા, સિંહ તણી પરે પાલી રે.
રાગ દ્વેષ કર્યાં ચકચૂર, કર્મ દિધા બાલી રે. ૪૨
લાલચને લપસા, લેપ નહિ લિગારીરે.
એ સાચી સતી મૂલીબાઇ, જાઉં બલિહારી રે.
સુ ભુખે કર્યું શરીર, નહિ લોહીને માંસ રે.
માંહે રહ્યા વલગીઅંશ, જીવતણો હંસ રે. ૪૩.
સર્પના ખોખા સરિખી દેહ, તેહવી કરી કાયા રે.
તપ કરી સોષ્યું શરીર, નવિ રાખી માયા રે.
હવે કરશે સંથારો સતી, સંદેહનહિ લિગાર રે,
ભણે હરખા સુત સવરાજ, માસ એ ઇગ્યાર રે, ૪૪.

ઇતિ એકદશમ માસઃ ॥ ૧૧ ॥

અથ બારમો માસ.

સતી આસાઢે અણુસણુ, આલવી સુતા રે.
દૂરે અનેક ભવનાં કિધ કર્મ જે ખુતા રે.
નમણુ ખમણુ મૂલીબાઇ, ઘણી વિધ કિધી રે.
ખમાવી જીવોનીરાસ, દેહ વોસિરાવી દિધી રે. ૪૫.
સેઠ રઘુભાઈ ઘેર જાણો, મેઘ બાઇ શેઠાણી રે.
જેણે આપ્યા સતીંઆને દાન, ઉલટભાવ આણી રે.
ખેતસીભાઇ ધુયા જમકુબાઈ, કરે સૂત્ર અરથ રે.
સતીઓનીસારે સેવ, અંત સમે સમરથ રે. ૪૬.
વૈરાગ ઘોડે થયા અસવાર, સતી મુલીબાઇ રે.
ધન્યમાતા અમૃતબાઇ કુંખ, મણી રતન જાઇ રે.
શુભ પરિણામે શુભ લેશ્યા, અંત સમય આવી રે.
ગયા દેવલોક મોઝાર, સદ્દગતિ ચાવી રે. ૪૭.
અજવાલી ચઉદશ દિન, સુર પહોતો મેર રે.
શુક્રવારે સિજ્યો સંથાર, ચાલ્યો દિન તેર રે.
નેઉવાના આસાઢે કલ્યાણુ, કિધા નિરધાર રે.
ભણે હરખા સુત સવરાજ, માસ એ બાર રે. ૪૮.

ઇતિ દ્વાદશમ માસઃ ॥ ૧૨ ॥

અથ તેરમો અધિક માંસ.

અધિકમાસે કરી અધિકાઇ, સતીગુણ ગાવો રે.
તુંમે કરો કરણી દિનરાત, કર્મ ખપાવો રે.
સતીનું થયું શુભકામ, આપ વિચારી કરવો રે.
જપ તપ સત શીયલ, ચિતમાં ધરવો રે. ૪૯.
ઉત્તમ ધર્મ શ્રીજિનમાર્ગ, મલ્યો પુણ્ય જોગે રે.
દુષ્કર માનવનો ભવ, ભાંખ્યો વીતરાગે રે.
મારા ઘર પાસે સ્થાનક, દીઠાદિલ ઠરે રે.
રાણો વખતસિંઘ ભૂપાલ, અન્યાય નવિ કરે રે. ૫૦.
મેં સાધુજીને પ્રતાપ, શાંખ સમાણી રે.
જીવણભાઇયે ચણાવ્યું સ્થાનક, ઘેર જમકુ શેઠાણી રે.
સાધુજનની કરજો સેવ, ભક્તિ લાવન રે.
પૂરા થયા માસ તેર, ગાથા બાવન રે ૫૧.
સવંત અઢાર બાણુએ, જોડયા માગશિર માસ રે,
તિથી તેરસને ગુરૂવાર, પક્ષ અજવાસ રે.
મૂલીબાઇ તણો મહિમા, ચિહુંદિશે ગાજે રે.
ભણે હરખા સુત સવરાજ, સાયલામાં બિરાજે રે. ૫૨.

ઇતિ ત્રયોદશમાધિક માસ. ॥ ૧૩ ॥

અધ્યાત્મ પદ.

" રાગ પીલુ. "

દેખો ખ્યાલ જગનાએ, અસ્થિર તમાસા,
રહે પલ સ્થિર નહીં, જ્યું પાનીમેં પતાસા. દેખો. ॥ એટેક
દુઃખદાયી જાયાધન, રાચો નહીં તનવન,
ચાલવું એકિલું અંતે, છોડી સબ આશા. ॥ દેખો. ॥ ૧ ॥
સંધ્યા કેરા વાન જેમ, આયુછે અસ્થિર તેમ,
તજી ક્રોધ સમતામાં, કરલે નિવાસા. ॥ દેખો ॥ ૨ ॥
સિદ્ધાંતોને પઢી પઢી, બાંધીછે કુમત મઢી,
ચઢી ન સુમત વેલ્લી, ગઢી વાદ પાસા. ॥ દેખો ॥ ૩ ॥
ગણાયો ચતુરકથ, બનાયા અનેક સથ્થ,
તોહિ 'ન' ટલત ભવ, આવે મોચહાંસા, ॥ દેખો ॥ ૪ ॥
વ્યવહાર ખટપટ, મોહ્યા દ્રવ્ય સુખ શઠ,
શોધ્યું ન આતમમૂલ, રાખી પરપ્યાસા ॥ દેખો ॥ ૫ ॥
પરભાવ પેખી બાજી, થાય છે શું મન રાજી,
ત્યાગીદે સત્વર ધર, નિજઘર આશા ॥ દેખો ॥ ૬ ॥
સંસારકો છોડી વાસ, પામે પદ અવિનાશ,
ગુલાબકું એહિ બિન, ઔર નહીં પ્યાસા ॥ દેખો ॥ ૭ ॥

વીરાનુરાગી પં. ગુલાબચંદજી.

પુનમચાંદનીનો રાગ.

શીલરતન જતને બેની રાખીયે રે,
ફરી ફરી નહિ મલે આ અવતાર,

શીલ સુધારસ ભાવેકરી ચાખિયે રે,
જેથી લહિયે બેની ભવજલપાર, શી. " એટેક'

(સાખી) બાલપણાથિ પાલિયે, શીલ ધર્મ સુખકાર,
અવર ભૂષણછે કારિમા, સાચો શિલ શિણગાર,
શીલ ચુંદડી પહેર્યાથી રૂડા શોભિયે રે,
સાસર પિયરમાં શોભાવનહાર. શીલરતન. ૧.

(સાખી) બ્રાહ્મીસુંદરી મહાસતી, રાજીમતિવરનાર;
સીતા કુંતા દ્રૌપદી, સુભદ્રા સુલસાસાર,
ચંદનબાલા ચૂલા દવયંતી મૃગાવતી રે.
શીવા પદ્માવતી આદે થઇ અપાર. શીલ રતન. ૨.

(સાખી) કષ્ટસહી ખલજનતણા, પાલ્યો શીલનિશંક:
કીર્તિ લહિ જગઉજલી, ટાલી નિજ કલંક,
પ્રહઉગે ગાવે ધર્મિ નરો પ્રેમથિ રે,
જેનાં નામે સદા થાય જયકાર. શીલ રતન. ૩.

(સાખી) ઝેર અમૃત થઇ પરણમે, નાગહોવે વરમાલ;
અગ્નિ પાણી સમહુવે, વાઘ હુવે મૃગબાલ,
શીલે સંકટ ટલેને વલે સંપદા રે.
સુર અસુર નૃપાદિ ધરે પ્યાર. શીલ રતન. ૪.

(સાખી) ધર્મ સ્થાનને ઘર તજી, નવિ ફરીએ અન્યદ્વાર;
સંગત રૂડા નરતણી, કરતા વધે સુવિચાર,
સામાયક પોસા પડિકમણા બેનીકરો રે.
તજી પ્રમાદ વિકથા વલી ચાર. શીલ રતન. ૫.

(સાખી) નાણુ દર્શણ ચારિત્રથી, ધરીએ પ્રીતિ અપાર;
તપ તપી નવ વાડથી, પાલો શીલ આચાર,
વીરમુની કહે શીયલ પ્રભાવથી રે.
નરનારી ઘણા પામ્યા શિવપુર દ્વાર. શીલરતન. ૬.

મહારાજશ્રી વીરજીસ્વામી.

અથ સાતવાર

(રઘુપતિ રામ રૂદેમાં રેજો રે. એ રાગ)

સખી આદિતે આદિત્યકારી રે, નમોવીર પ્રભુ ગુણધારી રે.
જેણે તાર્યા ઘણા નરનારી. સિદ્ધાર્થ નંદ ઉરમાં રહેજો રે. ૧.
સખી સોમે તે શીતલતાઇ રે, જેના મુખપર ચંદસવાઇ રે.
ખટ કાયના છે સુખદાઇ. સિદ્ધાર્થ. ૨.
સખી મંગલે મંગલ કરતારે, મહી મંડલમાં પગ ધરતારે,
કષ્ટ કર્મ ભર્મને હરતા. સિદ્ધાર્થ. ૩.
સખી બુધે તે બુદ્ધિના દાતા રે, નંદત્રિશલાના જગત વિખ્યાતા રે,
આપિ સદ્બુદ્ધિ કરતા સાતા. સિદ્ધાર્થ. ૪.
સખી ગુરૂયે તે ગુરૂ ગુણ ગાવો રે, નર ભવનો લિયો શુભ લાવો રે,
ફરિ મલસે ન અવસર આવો. સિદ્ધાર્થ. ૫.
સખી શુક્રે સુકૃત કરી કામરે, નિત્ય ઉઠી જપો જિન નામરે,
જેથી પામસો શિવપુર ધામ. સિદ્ધાર્થ. ૬.

સખી શનીયે સમતા નિહાલી રે, ક્રોધ માન માયા લોભ ટાલી રે,
રાખો આતમગુણ અજવાલી. સિદ્ધાર્થ. ૭.

સાતે વાર જે ભાવથી ગાસે રે, તેના પાતિક દુર પુલાસે રે,
વીરમુની કહે છે ઉલ્હાસે. સિદ્ધાર્થ. ૮.

મુનિશ્રી વીરજીસ્વામી.

ધનની તૃષ્ણા ન રાખવા વિષે.

"કરે શું માનવનું અભિમાન, એ રાગ."

ધરે શું ધનનું નિશદિન ધ્યાન, કલ્પના કરી કરી રે;
ધારણા ધરી ધરી રે, એટેક.
જાણે તું મુજ સાથ આવશે, આ આરે ખરે;
પણ આખર પસ્તાવો થાશે, આમાંરે ખરે. ધરે શું. ૧.
હાથી રથો સાથી હવેલી, સાહેબી જેની હતિ;
કરતાં હજારો હાથ જોડી, માનથી જેને નતિ,
દોલત દમામ તમામ હામો, કામ જેને લાગતી;
અંતે ગયા તે હાથ ઘસતા, ચાલી ના એકે રતિ. ધરે શું. ૨.

સ્વચ્છતા મનની ગુમાવી, કામ બદનામી કરી,
રે જીંદગી દુષિત બનાવી, સત્યતાને પરહરી;
લાખો કદાપિ મેળવી, તેમાં તું શું મકલાય છે,
જોતો નથી વિષવૃક્ષકેરા, મૂલિયા રોપાય છે. ધરે શું. ૩.

ધન તરંગના રંગ ક્ષણિક આ જોતો શું નથી,
અનંત ભોગનો ભંગ પલકમાં જોતો શું નથી. ધરે શું. ૪
સંતોષ સુખનો લેશ પણ ધન ક્લેશમાં દીઠો નહીં,
તૃષ્ણા તણા તણખાથી શાન્તિ ભસ્મીભૂત બને સહી;
રે માનવી બહુ મૂલ્ય છે આ રત્ન તારા હાથમાં,
ફેંકીશ નહીં તેને કદી લોભી જનોનાં સાથમાં. ધરે શું. ૫.

પં. રત્નચંદ્રજી.

ગુરૂ મહારાજ ગુલાબચંદ્રજી સ્વામીની સજાય

મહિમીહુંરે મેં ચાખ્યું મહિયારી. એરાગ

ગુરૂ મારારે ગુલાબચંદ્રજી પ્યારા, કરૂં વંદન અઘહરનારા. એટેક.
પંચ મહાવ્રત શુદ્ધાપાલોરે, તેથી આતમને અજવાલોરે,
સર્વ દોષને દૂરથી ટાલોરે, મુને આલોરે શાંતિ સમાધિ દ્વારા.
કરૂં. ૧.
લઘુ વયમાં સંયમ લિધોરે, કર્મ કાપવા નિશ્ચય કિધોરે,
ખુબ જ્ઞાન સુધારસ પિધો રે, દયાસિંધો રે કષ્ટ વિદારો મારા. કરૂં. ૨.
આપ વિચરો દેશ વિદેશે રે, સુખ દાયક સદ્દઉપદેશેરે,
બોધ્યા નરનારી વિશેષેરે, કહું લેશેરે ગુણ બહુ છે તમારા. કરૂં. ૩
ભણ્યા સૂત્ર સિદ્ધાંત અનેક રે, ભવ્ય જીવોને આપો વિવેકરે.
ખરી રાખો સંયમની ટેક રે, એકનેકરે વીર વચને ધરનારા. કરૂં. ૪
ક્રોધ મોહને મમતા મેલી રે, મદ લોભ માયાને ઠેલી રે,
ખરી જ્ઞાન પુંજીને ઉકેલી રે, આપ ફેલીરે કીરતિ જલધરધારા
કરૂં. ૫.

જૈન મારગ આપ દીપાવો રે, સુધ સમકીતનું બીજ વાવો રે,
કરમ વૈરીને ખુબ તપાવો રે, અપાવોરે અભય દાન જીવાંરા.
કરૂં. ૬.

આપ ગુણુતણા છો દરીયા રે, કેઈ જીવોને ઉધ્ધરીયા રે,
આપો અનુભવ રસના ઝરીયા રે, તેથી તર્યારે આપ આશ્રય લેનારા.
કરૂં. ૭.

માસ્તર હર્ષચંદ લાલચંદ. મોરબી.

ગુરૂ મહારાજ ગુલાબચંદ્રજી સ્વામીની સજાય બીજી

રાગ પુનમ ચાંદનીનો.

શ્રી મુનિધીર વીર ગુલાબચંદ્રજીરે, તુમે તરણુ તારણુ જહાજ,
વસીયા ભવિયણુ જીવકેરે અંતરે રે.
ઉગ્યો આજનો ભાનુ રળીયામણો રે,
ભાવે વંદન કરતા હરીયે પાપઅઢાર. વસી. "એટેક"
કચ્છ દેશમાં જનમીયા, ભોરારા પાવન કીધ.
આશબાઈ માતા કુંખે, આવી જન્મજ લીધ.
તુમે કુલ અજવાલણુ દીપક શરવણુસાતણા રે,
ગુણવંત શોભોછો તે ગુણીયલ ગહેરગંભીર. વસી. ૧.
સ્વામીનથુજી પધારીયા, તારક ભવજલ પાર.
મોક્ષ માર્ગ ઓલખાવીને, દીક્ષા દિધી અંજાર.
વિક્રમ સંવત ઓગણીસ છતરીસ સાલમાંરે,
મહા શુકલપક્ષ દશમને ગુરૂવાર. વસી. ૨.
પંચમહાવ્રત આદરી, થયા આપ અણુગાર.

વ્યાકરણ વાણી સિખીને, નયનિક્ષેપ વિચાર.
ભિન્ન ભિન્ન દેશના દેતા મુનિમડી મંડલે રે,
સ્યાદ્વાદ વાણીતણે રંગરસે ભરપુર. વસી. ૩.
પંચમ કાલે પ્રાણીને, દીયો બોધ મહારાજ.
જ્ઞાનતણા ગુલતાનથી, બની વકતા અધિરાજ,
ઉદ્ધાર કરવા અમતણું સ્વામિ પંચમ કાલમાં રે,
ભાષિત ત્રિસલા નંદન વીરતણો ઉપદેશ. વસી. ૪.
ભગિની મૂલીબાઇ મહાસતી, લઘુ ભ્રાતા વીર દયાલ.
વલી સુશિષ્ય મુનિ રત્નને, કરી દીધાજ નિહાલ.
શોભો સરવ ગુણાલંકૃત શ્રીશુભ લક્ષણે રે,
ધરતા રહોછો અહનિંશ પંચ પરમેષ્ઠ ધ્યાન. વસી. ૫.
આપતણા ગુણ અધિક છે, મુજ મતિહારી જાય.
ગણપત કરજોડી કહે, સદા નમું મુનિરાય.
આપો અનુભવ જ્ઞાન મહેરકરી મુજ ઉપરે રે,
હુંતો માગુંછું કર જોડી દોનું હાથ. વસી. ૬.

સા ગુણપતલાધા કચ્છ-રામાણિયા.

શતાવધાની પંડિત મહારાજશ્રી રતનચંદ્રજી સ્વામીની સજાય.

ભિક્ષા દેને મૈયા પિંગલા. એરાગ.

જૈન ગુરૂ ચરણ નમી કરી, સરસ્વતી લહિ સુપસાયજી,
ગુણરે ગાતા ગુરૂ રાયના, મુઝ મન હરખ ન માય જી.
ધન ધન રતનચંદજી સ્વામીને. ૧.

સદ્ગુરૂ બોધ સુણી કરી, જાણ્યો અસ્થિર સંસાર જી;
અનુમતિ માગે માતા કને, હું લેઇશ સંજમ ભાર જી. ધન. ૨.
માત કહે વચ્છ સાંભળો, ચારિત્ર છે ખાંડાની ધાર જી.
ઉદધિ તરવો જેમ ભુજ બલે, તેમ પાલવા એ આચારજી. ધન. ૩.
કોમળ દેહ છે તાહરો, કરવા કેશના લોચ જી,
કઠીણુ કહ્યું ઘણું જગતમાં, ધરો મનમાં તે સોચજી. ધન. ૪.
ઘરોઘર ભમવો ગોચરી, ફરવું સીત તાપ મોઝાર જી,
દોષ બેતાલીસ ટાલીને, લેવું સુઝતું આહાર જી. ધન. ૫.
પાય અણવાણે ચાલવું, નહિ શિર છત્રને પાગજી.
ભૂમિ શયન કરવું તિહાં, ખુચશે ભૂમિ ભાગજી. ધન. ૬.
ચોમાસે મેહ વરસતે, લેવા જવાય ન આહારજી,
સ્થીર રહેવું એક આસને, કઠિણુ એ સાધુ આચારજી. ધન. ૭.
ટાઢ પડે શીત કાલમાં, નહિ લેવાએ અગ્નિ તાપજી,
તિન પછેડી ઓઢવી, કેમ સહેસો એ સંતાપજી. ધન. ૮.
ઉનાળે અવની તળે, વાએ લુખ અપારજી,
તરસ સહી મહી મહલે, કરવો ઉગ્ર વિહારજી. ધન. ૯.
બાવિસ પરીસહ આકરા, સહેવા રાતને દીનજી,
જાણી દુઃકર રહો ઘરમધ્યે, રાખી ધર્મ પર મનજી. ધન. ૧૦.
રતન કહે સુણો માતજી, જે ભાખોછો તે સતજી,
કાયરને એ દુઃકર ઘણું, તે સઘળો અવદાતજી. ધન. ૧૧.
ચોવીસે દંડકમાં ભમી, સહ્યા દુઃખ અપારજી,
જન્મ મરણે લોક ફરસતા, સ્થિર નવી બેઠો કોઇ ઠારજી. ધન. ૧૨.
એમ ભવમાંહી ભટકતા, અબલહ્યો અવસર ખાસજી,
તે મુકી આ સંસારમાં, કોણુ ધરે જગત સુખ આસજી. ધન. ૧૩.

ગુરૂ વચનેમેં જાણીએ, આ સંસાર અસારજી,
ભોગ રોગ સમમેં ગણ્યા, હવે રહું હું ન સંસારજી. ધન. ૧૪.
સંજમ સુલભછે શૂરને, જેણે લહ્યો ગુરૂ ગમ ભેદજી,
દિક્ષા ગ્રહું ખરિ ખાંતથી, પાલુંતજી સવી ખેદજી. ધન. ૧૫.
એમ સમજાવી માતને, તેમ વલી તાતને ભ્રાતજી,
અનુમતિ લઇ આવી ગુરૂકને, માગે સંજમ વિખ્યાતજી. ધન. ૧૬.
ઓગણીસેં ત્રેપન જેઠના, સુદ ત્રીજને ગુરૂવારજી,
ગુલાબચંદ્રજી ગુરૂ આગલે, લિધો સંજમ ભારજી. ધન. ૧૭.
માત તાત અજવાલીયા, અજવાલ્યો નિજ વંશજી,
ભાંખે અમરસિંહ શિરનામીને, પ્રગટ્યા કુલ અવતંશજી. ધન. ૧૮.

કર્તા અમરસિંહ ભારમલ. કચ્છ-ભોરારા.

મુંબઇના શ્રાવકોએ કરેલી વિનતી.

" ભિક્ષા દેને મૈયા પિંગલા. એરાગ. "

ઉપદેશ આપનો સાંભળી, રત્નચંદ્ર મહારાજ જી;
શાન્ત ચિત્ત આ થઇ ગયું, સુધર્યાં સર્વે કાજ જી.
કરૂણા આવીને આવી રાખજો. ૧.
સમતાનો ગુણ આપ્યો તમે, જાણ્યું જીવનું સ્વરૂપ જી;
અંતર દયા ઉત્પન્ન કરી, એ ઉપકાર અનૂપ જી.
કરૂણા આવીને આવી રાખજો. ૨.

અમૃતસમ શિખ આપની, વીરલા જાણે એ ભેદજી;
આશામાં અવર તણાઇને, ખાલી ઉપજાવે ખેદજી.
કરૂણા આવીને આવી રાખજો. ૩.
જ્ઞાનરહિત અમે જે હતાં, તેને દઇ સદ્જ્ઞાન જી;
મોહ મમતાથી અળગાં કર્યાં, મુકાવ્યા મદ માન જી.
કરૂણા આવીને આવી રાખજો. ૪.
છુટા પડયે સંભારશું, આપ શબ્દો અમૂલ્ય જી;
મળશે ન ભવમાં સદ્ગુરૂ, અમને આપના તુલ્યજી.
કરૂણા આવીને આવી રાખજો. ૫.
છે માયા અતિ અટપટી, પામે કોઇક જ પારજી;
થાય સફળ આપ બોધથી, ઉંચો આ અવતારજી.
કરૂણા આવીને આવી રાખજો. ૬.
આપ પધાર્યા તેથી અમે, લીધો ઉત્તમ લ્હાવજી;
ઉપજ્યો અમારે અંતરે, ધર્મપ્રતિ અતિ ભાવજી.
કરૂણા આવીને આવી રાખજો. ૭.
કવિ દુર્લભજી શ્યામજી ધ્રુ. મુંબઇ.

સંવત્સરીને દિવસે ચીંચપોકલી ઉપાશ્રયમાં ચોરડીઆ નથમલજીયે ગાયેલી કવિતા.

"લાવણી"

મુંબઈ શહેરમાં આનંદ વર્તાયો છે, શ્રી સંઘમાં (એ આંકણી)
તારણ તરણ જહાજ મુનીશ્વર, રત્નચંદ્ર મહારાજ,
અત્ર પધાર્યા કૃપા કરી, ભવિ જીવ તારવા કાજજી મુંબઇ. ૧.

શતાવધાની શાસ્ત્રે જ્ઞાની, અનેક ગુણુની ખાન;
"વીર"[1] પુત્ર "લક્ષ્મી" ના જાયા, છે નર "રત્ન પ્રધાનજી. મુંબઈ. ૨.
સંવત ઉગણીસોત્રેપનમાં, મુકયો ઘરસંસાર;
મુનિશ્રી ગુલાબચંદ્રજી પાસે, લીધો સંયમ ભારજી. મુંબઇ. ૩
વિનતી કરવા સંઘ તરફથી, સંઘવી ત્રિભુવનદાસ;
સૂરત થઇ લીંબડી પોંચ્યા, કીધો સફળ પ્રયાસજી. મુંબઇ. ૪
સ્વીકારી વિનંતી શ્રીસંઘની, કીધો ચાતુર્માસ;
ઘરઘરમંગલ વર્ત્યું સ્વામી, પૂરી મનની આસજી. મુંબઇ. ૫.
મોટા મુનિવર ગુલાબચંદ્રજી, વીરચંદ્રજી સ્વામી;
રૂપચન્દજી તપમાં શૂરા, સંયમ ઋદ્ધિ પામીજી. મુંબઇ. ૬.
મેઘ તુલ્ય વર્ષે સ્વામીની, વાણી અમૃત ધાર;
ભવિ જીવોને શ્રવણુ કરીને, આનન્દ થાય અપારજી. મુંબઇ. ૭.
ભલે પધાર્યા રત્ન મુનિ, કરી સંઘ ઉપકાર;
દાન દયા તપસ્યા થઇ બહુલી, ગણુતા નાવે પારજી. મુંબઈ. ૮
મુનિ કૃપાથી અત્ર થયો, શ્રી સંઘમાં જ્ઞાન પ્રચાર;
એવી કૃપા હમેશાં કરજો, વિનતી લ્યો સ્વિકારજી મુંબઇ ૯.
ઉગણીસો બોહતર ભાદરવા, સુદ પંચમી શુભવાર;
"ચોરડીયા" સર્વશ્રી સંઘને, હર્ષ તણો નહિં પારજી. મુંબઇ. ૧૦.

યોજક ચોરડીયા નથમલજી.

---

૧ પિતાનુ નામ વીરપાળ શાહ.

ગજલ.

અંતર્લાપિકા.

રટન કરતો રટન કરતો,
તમારી પાસ આવ્યો છું;
નહિ શું આશરો આપો,
ચંદની ચંદ્રિકા નીચે. ૧.

દ્રવે છે આપનું નિત્યે,
જીગર દુઃખી જનો પ્રત્યે;
સ્વામિન્ આ દાસને પ્રીતે,
મીઠિ નજરે શું ના જુવો. ૨.

નેકિના માર્ગમાં મ્હાલો,
વિષય વિષ મૂલને બાલો;
નદી પેરે મહી ફરતાં,
તીરસ્થોની તૃષા ટાલો. ૩.

કર્મના ઘા જે લાગ્યા છે,
રૂજે જલદી જે રસ્તેથી;
છું માગું આપનો પ્રેમી,
બતાવો પ્રેમચંદને તે. ૪.

પ્રયોજક પ્રેમચંદ રવજી. ઉમર વર્ષ ૧૨, સ્થલ મુંબઈ.

ચાલુ ચોમાસાની ટુંક નોંધ.

કેટલાએક વર્ષથી શ્રીમુંબઇના સંઘને લીંબડી સંપ્રદાયના મહારાજશ્રી ગુલાબચંદજી સ્વામી તથા મહારાજશ્રી વીરજી સ્વામી તથા પંડિત મહારાજશ્રી રત્નચંદ્રજી સ્વામી તથા મુનિ શ્રી રૂપચંદજી સ્વામીનું ચોમાસું અહીં કરાવવાની અભિલાષા હતી. ઘણીવાર વિનંતી પત્ર લખ્યા પછી ગઇ સાલ ફાગણ મહિનામાં મહારાજશ્રી સૂરત બીરાજતા હતા, ત્યારે સંઘવી ત્રિભોવનદાસ ભાઇચંદ, બે ચાર માણસોની સાથે સૂરત વિનંતી કરવા ગયા તેમજ અહીંઆના સ્થાનકના ઑ. સેક્રેટરી ગોકલદાસભાઇ, જેઠાલાલભાઇ, ઘેવરીઆ દેવીદાસભાઇ, તથા જમનાદાસભાઇ, વિગેરે ગૃહસ્થોનું એક ડેપ્યુટેશન વિનંતી કરવા સૂરત ગયું. વિનંતીના જવાબમાં મહારાજશ્રીએ કહ્યું કે લીંબડીના સંઘની અને આચાર્યમહારાજની મંજુરી મેળવો. તે ઉપરથી સંઘવી ત્રિભોવનદાસ ભાઇચંદ લીંબડી જઇ ઘણી કોશીશ કરી મંજુરી મેળવી. પહેલા વૈશાકવદિ ૧ ને શુક્રવારના મહારાજશ્રીએ સૂરતથી મુંબઇ તરફ વિહાર કર્યો. વિહાર કરતા કરતા મહારાજશ્રી ઠાણા ૪ સોપાલે પધાર્યા ત્યાં ગુંદાલાવાળા શા. પ્રેમજી શિવજી તરફથી ૧૦૦ થી ૧૫૦ માણસનો એક સંઘ ગયો.

ત્યાંથી મહારાજ શ્રી બરોલી પધાર્યા ત્યાં અંજારવાલા મોતીલાલ દેવકરણ તથા નારણજી પુરૂષોત્તમ અને ગોકલભાઇ પાનાચંદ મુંબઇથી ૪૦૦ થી ૫૦૦ માણસોનો સંઘ લઇ દર્શનાર્થે ગયા હતા. તે શીવાય મુંબઇના સંઘના છુટા છુટા માણસોની દર્શનાર્થે આવ-

જાવ ચાલુ હતી. સૂરતથી વિહાર કર્યા પછી લગભગ એક મહિને મહારાજશ્રી ઘાટકોપર પહોંચ્યા, ત્યાં સ્થાનક ન હોવાથી એક ગૃહસ્થના બંગલામાં ઉતર્યા. ઘાટકોપરના રહેવાસીઓ અને કેટલાએક મુંબઈના શ્રાવકો ત્યાં જઇ મહારાજશ્રીની વાણીનો લાભ લેતા હતા; ઘાટકોપરના શ્રાવકોના આગ્રહથી શેષકાળ ત્યાં પુરો કરી માટુંગા, દાદર, ચીંચપોકલી થઇને કાંદાવાડી મધ્યે શ્રીકચ્છી દશા શ્રીમાળીની વાડીમાં પધાર્યા. અહીં ચોમાસું રહેવાને ઘણા માણસોનો આગ્રહ થતાં કાંદાવાડીમાં ચોમાસુ બિરાજ્યા. ત્યાં વ્યાખ્યાનમાં ભગવતી સૂત્ર પ્રથમથી શરૂ કર્યું. વાણી સાંભળીને શ્રોતાઓની દિવસે દિવસે હાજરી વધવા લાગી. બાઇઓ અને ભાઈઓમાં ધર્મનો ઉત્સાહ ફેલાવા માંડયો. શ્રોતાઓનો એટલો ભરાવો થવા લાગ્યો જે મોડા આવનારને ભાગ્યેજ જગા મળતી. બાઇઓ ભાઇઓને ચડવા ઉતરવાનો દાદરો એક હોવાથી કેટલીક અગવડ આવતી હતી, તે દૂર કરવાને દશાશ્રીમાળીજ્ઞાતિનું લક્ષ્ય ખેંચાયું અને તરતજ તેજ નાતના મેતા નરસિંહ વીરજીભાઇએ પોતાને ખરચે બીજો દાદરો તૈયાર કરાવી અગવડ દૂર કરી છે. ધર્મ કરણી કરવાને મુંબઈના મધ્યભાગમાં એક સ્થાનકની જરૂર જણાઇ. તે પૂરી પાડવાને સંઘ તરફથી એક ફાળો કરવામાં આવ્યો છે, જેમાં મોટી રકમ ભરાઇ છે. મહારાજશ્રીની વિદ્વતાની હવા અન્ય વર્ગમાં પ્રસરવા લાગી, તેથી અન્ય વર્ગ તરફથી જાહેર ભાષણની માગણીઓ થઇ. તા. ૨૯-૮-૧૫ રવિવારે માધવબાગમાં ધર્મ અને સંપ્રદાય એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. ભાષણ એટલું તો રસિક અને વિદ્વત્તા ભરેલું હતું કે ઘણા માણસોને બેસવાની જગ્યા ન મળતાં બે કલાક ઉભા રહીને પણ શાંતિથી

શ્રવણ કર્યું હતું. મહારાજશ્રીના અવધાનો જોવાની ઉત્કંઠા થતાં ઘણા લોકો તરફથી આગ્રહ થયો તેથી તા. ૨૪-૧૦-૧૫ રવિવારે સવારના એકસેલસીયર થીએટરમાં અઢીકલાકમાં ૩૬ અવધાનો મહારાજશ્રીએ કરી બતાવ્યા હતા. અવધાનો જોઇ પ્રેક્ષકોને આશ્ચર્યનો પાર રહ્યો ન હતો, અને એકે અવાજે મહારાજશ્રીની સ્મરણ શકિતની અદ્ભુતતાના વખાણ થઇ રહ્યા હતાં. અહીંના હવા પાણી મહારાજશ્રીને અનુકુળ આવશે કે નહિ, એમ કેટલા-એકના મનમાં શંકા હતી, પણ ચારે માસ મહારાજશ્રી ચારેની તબીયત બરાબર રહી છે, અને હવા પાણી અનુકુળ જણાયા છે. તે જોઇ શ્રીમુંબઇના સંઘને ઘણોજ સંતોષ થયો છે. ધર્મનો પ્રભાવ મુંબઇના સંઘમા ઘણોજ વર્તાઇ રહ્યો છે.

ॐ शांति ! शांति ! शांति !



દરેક મનુષ્યને મનન કરવા યોગ્ય

ઉપદેશી દોહરા.

પરલોકે સુખ પામવા, કર સારો સંકેત;
હજી બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત. ૧

જોર કરીને જીતવું, ખરેખરૂં રણ ખેત;
દુશ્મન છે તુજ દેહમાં, ચેત ચેત નર ચેત. ૨

ગાફલ રહીશ ગમાર તું, ફોગટ થઇશ ફજેત;
હવે જરૂર હુશીયાર થઇ, ચેત ચેત નર ચેત. ૩

તન ધન તે તારાં નથી, નથી પ્રિયા પરણેત;
પાછળ સૌ રહેશે પડયાં, ચેત ચેત નર ચેત. ૪

પ્રાણ જશે જયાં પિંડથી, પિંડ ગણાશે પ્રેત;
માટીમાં માટી થશે, ચેત ચેત નર ચેત. ૫

રહ્યા ન રાણા રાજીયા, સુર નર મુનિ સમેત;
તું તો તરણા તુલ્ય છે, ચેત ચેત નર ચેત. ૬

રજકણ તારાં રખડશે, જેમ રખડતી રેત;
પછી નર તન પામીશ કયાં, ચેત ચેત નર ચેત. ૭

કાળા કેશ મટી ગયા, સર્વે બનીયા શ્વેત;
જોબન જોર જતું રહ્યું, ચેત ચેત નર ચેત; ૮

માટે મનમાં સમજીને, વિચારીને કર વેત;
કયાંથી આવ્યો કયાં જવું, ચેત ચેત નર ચેત. ૯

શુભ શિખામણ સમજ તો, પ્રભુ સાથે કર હેત;
અંતે અવિચળ એ જ છે, ચેત ચેત નર ચેત. ૧૦